?

# સચિત્ર
# શ્રી ભક્તામર સ્તોત્ર



સંકલન
સા. હિમાંશુશ્રીજી

## અંતરના
## અનુગ્રહ
## દાતા



સુવર્ણ વર્ષીતપ આરાધક
તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**



### દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



### મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

|| શ્રી આદિનાથાય નમઃ ||

# સચિત્ર
# શ્રી ભક્તામર સ્તોત્ર

**કૃપા–આજ્ઞા–આશિષ**

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-
ગુણોદય-કલા-કવી-વીર-મહોદયસૂરીશ્વરજી મ.સા.

**સંકલન**

જિનશાસન શિરોમણિ, તપસ્વી સમ્રાટ
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
ખાનદેશ રત્ના **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.**,
પ્રશિષ્યા **સા. હિમાંશુશ્રીજી**

**પ્રકાશક**

શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસગામ

**સૌજન્ય**

શ્રી ભક્તામર ભક્ત પરિવાર

**પ્રકાશન**

નવકાર મહામંત્ર આરાધક,
સિદ્ધાચલ સ્નેહી આગમ અભ્યાસી
બા.બ્ર. **પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**
**સંયમ શતાબ્દિ વર્ષ**

**સંકલન**

શાસન પ્રભાવિકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના સુશિષ્યા
ખાનદેશ રત્ના **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.**,
પ્રશિષ્યા **સા. હિમાંશુશ્રીજી**

પ્રત - ૧૦૦૦

* પ્રકાશન - સં.૨૦૮૦ * ઈ.સ. ૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી શત્રુંજય એકેડમી**
શ્રી પદ્મપ્રભસ્વામિ જૈન મંદિર
સ્ટેશન રોડ, ચાલીસગામ.

**મુદ્રક**

અશોક પ્રિન્ટરી, પાલીતાણા.
મો. 9228285488

# ભક્તામરથી ભવપાર...

ભક્તામર સ્તોત્ર,

સમગ્ર જિનશાસનમાં ભક્તિથી જેનો નાદ ગુંજી રહ્યો છે એવું સમસ્ત જિનશાસનને માન્ય, આબાલ વૃદ્ધોનું લાડીલું સ્તોત્ર છે.

આ સ્તોત્ર ઉપર સૌથી વધુ વિવેચન, ટિકાઓ, વૃત્તિઓ, ગ્રંથો લખાયા છે એ જ એની આદરણીયતા અને લોકપ્રિયતાનો પુરાવો છે.

આજે ભક્તામરના સ્તોત્રથી healing આદિ દ્વારા અનેક રોગોમાંથી મુક્ત થવાય છે. એના અનેક સફળ પ્રયોગો થઇ રહ્યા છે.

તનમાં શાંતિ...

મનમાં સમાધિ...

આત્માની ઉન્નતિ...

આવો ત્રિવેણી સંગમ જીવનમાં ભક્તામર આરાધના દ્વારા સંપ્રાપ્ત કરવા કટિબદ્ધ બનીએ.

ભક્તામરમાં શું છે ? એમ કહેવા કરતાં ભક્તામરમાં શું નથી ? એ વિચારણીય છે.

શ્રદ્ધા-ભક્તિ-આરાધનાના સથવારે ભક્તામરની અજબ-ગજબની ચમત્કાર સર્જન શક્તિનો જીવનમાં અનુભવ કરવા જેવો છે. આજના પંચમકાળમાં પણ ભક્તામરની આરાધના ફળદાયી છે. અનેકાનેક ભક્તોએ એનો અનુભવ સાક્ષાત્કાર કર્યો છે.

નિત્ય આરાધના દ્વારા આપણે પણ જીવનમાં એ શક્તિનો અનુભવ કરીએ એ જ અભિલાષા.

પ્રકાશનના લાભાર્થી શ્રદ્ધાવંત ભક્તામર ભક્ત પરિવારની ભૂરી ભૂરી અનુમોદના..

**સા. હિમાંશુશ્રીજી**

# અનુક્રમણિકા


| વિગત | પેજ નં. |
|---|---|
| ૧. સર્વ વિઘ્ન નાશક... | |
| ૨. મસ્તક પીડા નાશક... | |
| ૩. નજર દૂર કરનાર... | |
| ૪. જલ ભય નાશક... | |
| ૫. નેત્ર પીડા હરનાર... | |
| ૬. સરસ્વતી સાધના... | |
| ૭. બાહ્ય અભ્યંતર વિષ નાશક... | |
| ૮. વ્રણ પીડા નાશક... | |
| ૯. ચોર ભય નાશક... | |
| ૧૦. રાજ દરબારમાં જય આપનાર.. | |
| ૧૧. ખોવાયેલી વસ્તુ / વ્યક્તિ અપાવનાર... | |
| ૧૨. ઈષ્ટ સ્ત્રી દાયક... | |
| ૧૩. ચોર ભય નાશક... | |
| ૧૪. જ્ઞાન-ગુણ-લક્ષ્મી દાયક... | |
| ૧૫. વીર્ય રક્ષા - સૌભાગ્ય - લક્ષ્મી દાયક... | |
| ૧૬. પ્રતિપક્ષી પરાજય કારક... | |
| ૧૭. પેટના રોગ દૂર કરનાર | |
| ૧૮. ધર્મ સ્થિરતા - માંગલિક કારક | |
| ૧૯. મલીન પ્રયોગ નાશક | |
| ૨૦. પુત્ર પ્રાપ્તિ કારક | |
| ૨૧. વશીકરણ મંત્ર | |
| ૨૨. ભૂત-પિશાચ દૂર કરનાર | |
| ૨૩. પ્રેત બાધા દૂર કરનાર... | |
| ૨૪. આધાશીશી પીડા નાશક... | |
| ૨૫. અગ્નિ ભય નાશક... | |
| ૨૬. પ્રસુતિ પીડા નાશક... | |
| ૨૭. શત્રુ ભય નાશક... | |
| ૨૮. સૌભાગ્ય-કીર્તિ-લક્ષ્મી વૃદ્ધિકારક... | |
| ૨૯. સ્થાવર, વિષ, નેત્ર પીડા હરનાર... | |
| ૩૦. સર્વ ભય નાશક... | |
| ૩૧. સન્માન વૃદ્ધિ - ચર્મરોગ નાશક | |
| ૩૨. રાજ સન્માન-લક્ષ્મી દાયક... | |
| ૩૩. દુર્જન વશીકરણ... | |
| ૩૪. હસ્તિભય નાશક... | |
| ૩૫. હિંસક પશુ ભય નાશક... | |
| ૩૬. અગ્નિ ઉપદ્રવ નાશક... | |
| ૩૭. સર્પ વિષ ભય નાશક... | |
| ૩૮. યુદ્ધ ભય - ક્રોધ નાશક | |
| ૩૯. સર્વ ભય નાશક... | |
| ૪૦. જલ-સમુદ્ર ભય નાશક... | |
| ૪૧. સર્વ રોગ-ઉપસર્ગ નાશક... | |
| ૪૨. બંધન-જેલ મુક્તિ કારક... | |
| ૪૩. શત્રુ જય કારક... | |
| ૪૪. સર્વ મનોરથ સિદ્ધિ... | |
| ૪૫. વૃદ્ધ સંપ્રદાય અનુસાર ભક્તામર જપ્ય મંત્રો | |

તમારી
શ્રુતભક્તિને
નમન...

શ્રી ભક્તામર
ભક્ત
પરિવાર

## ૧. સર્વ વિઘ્ન નાશક

भक्तामर प्रणत मौलि मणि प्रभाणा,
मुद्योतकं दलित पाप तमो वितानम् ।
सम्यक् प्रणम्य जिनपाद युगं युगादा
वालम्बनं भवजले पततां जनानाम् ।।१।।

**ભાવાર્થ :-** ભક્તિવંત દેવોના નમેલા મુગટોને વિષે રહેલ મણિઓની કાંતિને ઉદ્યોત કરનારા, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, યુગની આદિમાં સંસારરૂપ સમુદ્રમાં ડુબી રહેલા માણસોને આધારરૂપ જિનેશ્વર ભગવાનના ચરણયુગલને મન, વચન, કાયાના પ્રણિધાન પૂર્વક નમસ્કાર કરીને. ૧.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो जिणाणं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा अप्रतिचक्रे फट् विचक्राय झ्राँ झ्राँ स्वाहा ।"

**મંત્ર :-** "ॐ ह्राँ ह्रीँ ह्रूँ श्रीँ क्लीँ ब्लूँ क्रौँ ॐ ह्रीँ नमः ।।"

Bhaktamar pranat mauli mani prabhanam
muddyotakam dalita pap tamovitanam |
Samyak pranamya jin pad yugam yugada
valambanam bhavajale patatam jananam || 1 ||

O Jinendra !

The nails of thy lotus feet illuminate the lustre of gems of the crown of the prostrated heads of the devoted gods and which dispel the vast gloom of sins spreading into the ocean of world. I convey my reverential salutations at the feet of the first Tirthankara, the propagator of religion at the beginning of the era.



**વિધિ :–** પ્રથમ ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર પહેલા સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખી, તેને ધૂપથી વાસિત કરીને માદળિયામાં નાખીને પાસે રાખવાથી સર્વ પ્રકારનાં વિઘ્નો દૂર થાય છે.

## ૨. મસ્તક પીડા નાશક

यः संस्तुतः सकल वाङ्मयतत्त्वबोधा,
दुद्भूत-बुद्धि पटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः,
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।।२।।

**ભાવાર્થ :-** સકલ શાસ્ત્રોના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ વડે ચતુર એવા દેવેન્દ્રોએ ત્રણે જગતના જીવોના ચિત્તને હરણ કરનારા અને મહાન અર્થવાળા ઉદાર સ્તોત્રો વડે જેમની સારી રીતે સ્તુતિ કરેલી છે એવા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની હું પણ સ્તુતિ કરીશ. ૨.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो ओहिजिणाणं ।"

**મંત્ર :-** "ॐ ह्रीं श्रीँ क्लीँ ब्लूँ नमः ।"

**વિધિ :-** બીજી ગાથા ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર બીજો પાસે રાખવાથી નજર લાગતી નથી. ૨૧ દિવસ સુધી આ રીતે

Yah samstutah sakala vaangmaya tatva bodha
dudbhuta buddhi patubhih suraloka naathaih |
Stotrair jagattri taya chitta harairudaraih
stoshye kilahamapi tam prathamam jinendram || 2 ||

O Supreme Lord !

Due to the mercy of first jinendra, I am very lucky indeed to pay homage to the holy feet, which has won the hearts of all three worlds & has been worshipped by the gods endowed with deep wisdom born of all the scriptures (shastras)..2



જપવાથી મસ્તકપીડા દૂર થાય છે, અથવા તો ૭ દિવસ સુધી રોજનો ૧૦૦૦ જપ કરવાથી પણ મસ્તકપીડા દૂર થાય છે.

વિશેષમાં કાળાં વસ્ત્ર પહેરીને, કાળી માળા વડે પૂર્વાભિમુખ થઈને જો આ ઋદ્ધિ તથા મંત્ર ૨૧ દિવસ સુધી ૧૦૮ વાર જપવામાં આવે તો શત્રુનો પરાભવ થાય છે.

## ૩. નજર દૂર કરનાર

बुद्धया विनाऽपि विबुधार्चित पादपीठ !
स्तोतुं समुद्यत - मतिर्विगत त्रपोऽहम् ।
बालं विहाय जल संस्थित मिन्दु बिम्ब,
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ।।३।।

**ભાવાર્થ :-** દેવોએ જેમના પાદ પીઠને પૂજેલ છે એવા હે પ્રભુ ! તમારી સ્તુતિ કરવામાં મારી કાંઇ પણ બુદ્ધિ નથી. છતાં પણ મર્યાદાનું ઉલ્લંઘન કરીને તમારી સ્તુતિ કરવા તૈયાર થયો છું જેમ પાણીમાં પ્રતિબિંબરૂપે પડેલા ચંદ્રના બિંબને વગર વિચાર્યે પકડવાની ઈચ્છા બાળક સિવાય બીજો કોણ કરે ? ૩.




**ऋद्धि :-** "नँ ह्रीँ अर्हं णमो परमोहिजिणाणं ।"

**मंत्र :-** "नँ ह्रीँ श्रीँ क्लीँ सिद्धेभ्यो बुद्धेभ्यो सर्वसिद्धिदायकेभ्यो नमः स्वाहा ।"

**વિધિ :-** ત્રીજી ગાથા ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તેનો યંત્ર

Buddhya vinaapi vibudharchita padapitha
stotum samudyata matirvigata trapoaham |
Balam vihaya jala samsthita mindu bimbam
manyah ka ichchhati janah sahasa grahitum || 3 ||

The glory is so extraordinary that thy beautiful splendid foot - stool is worshipped by the gods. I very much feel ashamed to eulogise thee, because my knowledge is so ordinary that I am unable to worship, the lotus-feet. who except an innocent child wishes to grasp the reflection of the moon in the water ?...3



**ત્રીજો પાસે રાખવાથી બાળકને લાગેલી નજર દૂર થાય છે, તેમજ આ મંત્રથી અભિમંત્રિત કરેલું પાણી પાવાથી ભેંસ વગેરે પશુઓને લાગેલી નજર પણ દૂર થાય છે.**

**આ ઋદ્ધિ અને મંત્રનો જપ જો કમલકાકડીની માળા વડે કરવામાં આવે તો વિશેષ ફલદાયી થાય છે.**

## ૪. જલ ભય નાશક

वक्तुं गुणान् गुण समुद्र ! शशाङ्ककांतान्
कस्ते क्षम: सुरगुरुप्रतिमोऽपि बुद्धया ? ।
कल्पांत - काल - पवनोद्धत - नक्रचक्रं,
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ।।४।।

**ભાવાર્થ :-** હે ગુણોના સાગર પ્રભુ ! ચંદ્ર જેવા ઉજ્જવળ તમારા ગુણોને કહેવા માટે બુદ્ધિ વડે બૃહસ્પતિ જેવો પણ કયો વિદ્વાન સમર્થ છે ? જેમ કે પ્રલયકાળના વાયુથી જેમાં મગરમચ્છોના સમૂહો ઉછળી રહ્યા હોય એવા મહાસાગરને પોતાની બે ભૂજા વડે કોણ તરી શકે ?

જેમ આવો સમુદ્ર તરવાને અશક્ય છે તેમ તમારા ગુણોનું વર્ણન કરવું અશક્ય છે. ૪




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो सव्वोहिजिणाणं ।"


**મંત્ર :-** "ॐ ह्रीं श्रीं क्लीं जलदेवताभ्यो नम: स्वाहा ।"

**વિધિ :-** ચોથી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું પ્રતિદિન સ્મરણ કરવાથી તથા યંત્ર ચોથો પાસે રાખવાથી પાણીનો ભય રહેતો નથી, તથા વહાણ પણ પાણીમાં

Vaktum gunan gunasamudra shashankakantan
kaste kshamah suraguru pratimopi buddhya |
Kalpanta kala pavanoddhata nakra chakram
ko va taritum alam ambunidhim bhujabhyam || 4 ||

O ocean of metris !

How is it possible for me to describe thy virtues shining like this moon, because the preceptor of gods (Brahaspati) is also unfit for this work. Who can cross the ocean full of alligators and propoises with arms, which is lashed to fury by the winds of doomsday..4



ડૂબતું બચી જાય છે.

મચ્છીમારની જાળમાં માછલી ફસાય નહિ, તે માટે પણ આ ઋદ્ધિ-મંત્રનો પ્રયોગ કરી શકાય છે. તે માટે ૭ દિવસ સુધી પ્રતિદિન ૧૦૦૦ વાર સફેદ માળા વડે ઋદ્ધિ અને મંત્ર જપવો, સફેદ ફૂલ ચઢાવવાં તથા ભૂમિ પર સૂવું અને એકાસણું કરવું. પછી ૨૧ કાંકરી લઈને તે દરેકને ઉપરના મંત્રથી સાત વાર અભિમંત્રિત કરીને પાણીમાં નાખવી, તો મચ્છીમારની જાળમાં કે કાંટામાં માછલી ફસાશે નહિં.

## ૫. નેત્ર પીડા હરનાર

**सोऽहं तथाऽपि तव भक्तिवशान्मुनीश !**
**कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्त: ।**
**प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं,**
**नाभ्येति किं निजशिशो: परिपालनार्थम् ।।५।।**

**ભાવાર્થ :-** હે મુનીશ્વર ! હું શક્તિરહિત છતાં પણ તમારા ઉપરની ભક્તિને કારણે તમારી સ્તુતિ કરવા તૈયાર થયો છું. જેમ મૃગ પોતાના બચ્ચાના રક્ષણ માટે સિંહની સન્મુખ શું યુદ્ધ કરવા નથી દોડતો ? દોડે છે જ.

સિંહ સામે મૃગનું પરાક્રમ હાંસી પાત્ર છે તેમ તમારું સ્તોત્ર કરવામાં હું હાંસીપાત્ર થઈશ. ૫




**ઋદ્ધિ :-** "नँ ह्नीं अर्हं णमो अणंतोहि जिणाणं।"


**મંત્ર :-** "नँ ह्नीं श्रीँ क्लीँ क्रोँ सर्वसंकटनिवारणेभ्यो सुपार्श्वयक्षेभ्यो नमो नम: स्वाहा।"

**વિધિ :-** પાંચમી ગાથા ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી નેત્ર પીડા મટે છે.

Soaham tathapi tava bhakti vashan munisha
kartum stavam vigatashaktirapi pravrittah |
Prityatma viryam avicharya mrigo mrigendram
nabhyeti kim nijashishoh paripalanartham || 5 ||

O Great Sage !

Though I am devoid of power & energy, yet thy devotion encourages me to eulogise the holy lotus-feet. Does not a deer go to fight face to face in front of a lion not taking into account her own might (without thinking of her own power) ? It is nothing but only love that is urging her to protect her young ones from the danger of lion's attack.5



તેનો વિશેષ વિધિ એવો છે કે પીળાં વસ્ત્ર પહેરીને ૭ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ ૠદ્ધિ અને મંત્રનો જપ કરવો, પીળાં ફૂલ ચડાવવાં તથા કુંદરૂનો ધૂપ કરવો. પછી જેને નેત્રપીડા હોય, એટલે કે જેની આંખો દુઃખતી હોય તેને દિવસભર ભૂખ્યો રાખી સાંજના સમયે ૨૧ વાર મંત્ર બોલી અભિમંત્રિત કરેલાં પતાસાં પાણીમાં ઘોળીને તે પાણી પીવડાવવું, અથવા તો પાણીનો આંખો પર છંટકાવ કરવો, તેથી નેત્રપીડા દૂર થાય છે. આ વખતે યંત્ર પાંચમો પાસે રાખવો જોઈએ.

## ૬. સરસ્વતી સાધના

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद् भक्तिरेव मुखरी कुरुते बलान्माम् ।
यत्कोकिल: किल मधौ मधुरं विरौति,
तच्चारू चाम्र कलिका निकरैकहेतु: ॥६॥

**ભાવાર્થ :-** હે સ્વામી ! હું અલ્પજ્ઞાનવાળો - જ્ઞાનરહિત છું તેથી વિદ્વાનોમાં હું હાંસીપાત્ર છું તો પણ તમારી ઉપરની ભક્તિ જ મને બળાત્કારે તમારી સ્તુતિ કરવા વાચાળ બનાવે છે. તે યોગ્ય જ છે. કેમ કે વસંત ઋતુમાં કોયલ જે મધુર શબ્દ કરે છે તેનું કારણ નિશ્ચે સુંદર આંબાના મ્હોરનો સમૂહ જ છે. આંબાની મ્હોર કોયલના મધુર સ્વરમાં કારણરુપ છે તેમ તમારી ભક્તિ સ્તુતિમાં કારણરુપ છે. ૬




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो कुट्ठबुद्धीणं ।"


**મંત્ર :-** "ॐ ह्रीं श्रां श्रीं श्रूं श्र: हं सं य: य: ठ: ठ: सरस्वति भगवति विद्याप्रसादं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** છઠ્ઠી ગાથા ઋદ્ધિ તથા મંત્રનો પાઠ કરવાથી, તેમજ યંત્ર છઠ્ઠો

Alpashrutam shrutavatam parihasadham
tvad bhakti-reva mukhari kurute balanmam |
Yat kokilah kila madhau madhuram virauti
tachcharu chamra kalika nikaraika-hetuh || 6 ||

O Supreme God !

Though my learning is too poor, & I am the butt of ridicule to the learned, yet it is my devotion towards you, which encourages me to be vocal (Talkatie) Though the cuckoo sings a sweet song in spring season, but her sweet voice is due to the charming sweet mango buds, which she is lucky to have eaten in spring season 6.



પાસે રાખવાથી વિદ્યા જલ્દી ચડે છે, વિસ્મરણ થતું નથી, વાણીની શુદ્ધિ થાય છે, મૂર્ખતા દૂર થાય છે તથા જીભ તોતડાતી હોય તો છૂટી થાય છે. જો આ યંત્ર રૂપાના પતરાં પર કોતરાવી તેનું રોજ પૂજન કરવામાં આવે તો છ મહિનાની અંદર સરસ્વતી વરદાન આપે છે.

## ૭. બાહ્ય અભ્યંતર વિષ નાશક

त्वत्संस्तवेन भवसन्तति - सन्निबद्धं,
पापं क्षणात्क्षय मुपैति शरीर भाजाम् ।
आक्रान्त लोक मलि नीलमशेषमाशु:
सूर्यांशु भिन्नमिव शार्वर मन्धकारम् ।।७।।

**ભાવાર્થ :-** ભવની પરંપરાએ ઉપાર્જન કરેલું પ્રાણીઓનું પાપ તમારી સ્તુતિ કરવાથી તત્કાળ નાશ પામે છે. જેમ કે લોકમાં વ્યાપેલો અને ભ્રમર જેવી કાળી કૃષ્ણપક્ષની રાત્રિનો સર્વ અંધકાર પ્રાતઃકાળે સૂર્યના કિરણોથી ભેદ પામીને નાશ પામે છે.

જેમ સૂર્યોદય અંધકારના નાશનું કારણ છે તેમ જિનેશ્વર ભગવાનની સ્તુતિ પાપના નાશનું કારણ છે. ૭




**ऋद्धि :-** ''ॐ ह्रीं अर्हं णमो बीअबुद्धीणं ।''

**मंत्र :-** ''ॐ ह्रीं हं सौ श्रां श्रीं क्रौं क्लीं सर्वदुरित-सङ्कटक्षुद्रोपद्रवकष्टनिवारणं कुरु कुरु स्वाहा ।''

Tvat sanstavena bhavasantati sannibaddham
papam kshanat kshayamupaiti sharirabhajam |
Akranta loka mali nilamashesha mashu
suryamshu bhinnamiva sharvara mandhakaram || 7 ||

O God !

The big mass of sins accumulated through cycles of births comes to an end in a moment due to Thy devotion, just as the deep darkness of height of universe disappears speedily as soon as the rays of the sun shine in the morning. 7



**વિધિ :-** સાતમી ગાથા ૠદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી, તેમજ યંત્ર સાતમો લોખંડના માદળિયામાં નાખી પાસે રાખવાથી સર્પનો ભય રહેતો નથી, તથા સ્થાવર અને જંગમ બંને પ્રકારના વિષનો નાશ થાય છે. જો ૧૦૮ વાર ૠદ્ધિ અને મંત્રથી કાંકરીને અભિમંત્રિત કરીને સર્પના મસ્તક પર ફેંકીએ તો તે થંભી જાય છે અને દંશ થઈ શકતો નથી. જેને સર્પ કરડ્યો હોય, તેને મંત્રથી અભિમંત્રિત કરેલું પાણી પીવડાવવાથી ઝેર ઉતરી જાય છે. આ જપમાં માળા લીલા રંગની રાખવી તથા ધૂપ લોબાનનો કરવો.

## ૮. વ્રણ પીડા નાશક

**मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-**
**मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।**
**चेतो हरिष्यति सतां नलिनीदलेषु,**
**मुक्ताफल द्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥**

**ભાવાર્થ :-** ઉપર મુજબ તમારું સ્તોત્ર કરવું દુષ્કર છે તો પણ સર્વ પાપને હરનારું છે એમ માનીને હે નાથ ! અલ્પબુદ્ધિ છતાં પણ મેં આ તમારું સ્તોત્ર રચવાનો પ્રયત્ન કર્યો છે તે તમારા જ પ્રભાવથી સત્પુરુષોના મનનું રંજન કરશે. કેમ કે કમલિની પર પડેલ જળનું બિંદુ મોતીની શોભાને પામે છે.

તમારા પ્રભાવથી મારા જેવા મંદબુદ્ધિનું સ્તોત્ર સત્પુરુષોને આનંદકારક થશે.





**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो पादाणुसारीणं ।"

**મંત્ર :-** ॐ ह्रीं ह्रां ह्रीं ह्रूं ह्रः असिआउसा अप्रतिचक्रे फट् विचक्राय झ्रौं झ्रौं स्वाहा । (पुनः) ॐ ह्रीं लक्ष्मणारामानन्ददेव्यै नमो नमः स्वाहा ।"

Matveti nath! tava samstavanam mayed
marbhyate tanudhiyapi tava prabhavat |
Cheto harishyati satam nalinidaleshu
muktaphala dyutim upaiti nanuda binduh || 8 ||

O God !

Though I am butt of learned, yet thy devotion encourages me to eulogise Thy lotus feet & I hope certainly that it will win the heart of wise (righteous) there is No doubt that we see the ordinary water-drop shine with full lustre as pearls on the lotus-leaves. 8



**વિધિ :-** આઠમી ગાથા ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર આઠમો પાસે રાખવાથી વ્રણપીડા (ગૂમડાની પીડા) દૂર થાય છે. અહીં અરીઠાના બીજની માળા ઉપયોગમાં લેવાથી વિશેષ ફાયદો થાય છે. જો આ મંત્રથી મીઠાની કાંકરી ૧૦૮ વાર અભિમંત્રિત કરીને પીડાતા અંગ પર ફેરવીએ તો પીડા મટી જાય છે.

## ૯. ચોર ભય નાશક

**आस्तां तव स्तवन मस्त समस्त - दोषं,**
**त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।**
**दूरे सहस्रकिरण: कुरुते प्रभैव,**
**पद्माकरेषु जलजानि विकासभांज्जि ।।९।।**

**ભાવાર્થ :-** હે સ્વામિન્ ! સમસ્ત પ્રકારના દોષને નાશ કરનારૂં તમારૂં સ્તવન તો દૂર રહો, માત્ર તમારી આ ભવ અને પરભવની ચરિત્રની કથા જ અથવા તમારૂં નામ સ્મરણ ત્રણ જગતના પ્રાણીઓના પાપનો નાશ કરે છે.

જેમ સૂર્ય તો દૂર રહે માત્ર તેના કિરણોની કાંતિ સરોવરમાં રહેલ કમળોને વિકસ્વર કરે છે. ૯





**ऋद्धि :-** "नँ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो संभिण्णसोयाणं ह्रां ह्रीं ह्रूं फट् स्वाहा ।"

**मंत्र :-** "नँ ह्रीं श्रीं क्रौं क्लीं र: र: र: हं ह: नम: स्वाहा ।"

Astam tava stavanam astasamasta dosham
tvat samkathapi jagatam duritani hanti |
dure sahasrakiranah kurute prabhaiva
padmakareshu jalajani vikasa bhanji || 9 ||

O God !

It is very difficult for me to eulogise Thy lotus-feet which destroy all the blemishes, even Thy name taken with devotion is sufficent to destroy all sins. just as sun is far away from the earth yet its shining rays makes the lotus to bloom in lake. 9



**વિધિ** :- નવમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર નવમો પાસે રાખવાથી માર્ગે ચાલતાં ચોર-ડાકુનો ઉપદ્રવ થતો નથી. વળી બીજા ભયો પણ દૂર થઈ જાય છે. ચાર કાંકરી ૧૦૮ વાર અભિમંત્રિત કરીને ઘરના ચાર ખૂણે મૂકીએ તો ચોર ઘરમાં પેસી શકતો નથી, અથવા તો સ્તંભિત થઈ જાય છે.

## ૧૦. રાજ દરબારમાં જય આપનાર

नात्यद्भुतं भुवनभूषणभूत ! नाथ !
भूतैर् गुणैर् भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

**ભાવાર્થ :-** જગતના ભૂષણસમાન હે સર્વ જીવોના નાથ ! આ પૃથ્વી પર તમને તમારા વાસ્તવિક સત્ય ગુણોથી સ્તુતિ કરનારા પ્રાણીઓ તમારા જેવા થાય છે તેમાં કોઈપણ આશ્ચર્ય નથી. કારણ કે આ જગતમાં જે કોઈ સ્વામી પોતાના સેવકોને પોતાના જેવી સમૃદ્ધિવાળા ન કરે તો તેવા સ્વામીથી શું ફાયદો ? કાંઈ જ નહિ. અર્થાત્ તમારી સ્તુતિ કરવાથી હું પણ તમારા જેવો થઈશ એવો કવિનો આશય છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो सयंबुद्धीणं ।"

**મંત્ર :-** "ॐ ह्रां ह्रीं ह्रौं ह्रः श्रां श्रीं श्रूं श्रः सिद्धबुद्धकृतार्थो भव भव वषट् सम्पूर्ण स्वाहा ।"


**વિધિ :-** દશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર દશમો પાસે રાખવાથી રાજદરબારમાં જય થાય છે. પોતાનું બોલ્યું વચન બધાં પ્રમાણ કરે છે અને ક્રોધે ભરાયેલો વાદી પણ પ્રણામ કરે છે. વળી દ્યૂતમાં પરાભવ થતો નથી.

Natyadbhutam bhuvana bhushana!bhutanatha
bhutairgunairbhuvi bhavantamabhishtuvantah |
Tulya bhavanti bhavato nanu tena kim va
bhutyashritam ya iha natmasamam karoti || 10 ||

O Ornament of the world !

O lord of beings !

No wonder if thy followers become equal to thee adopting thy noble virtues. What is use of that master, who does not make his subordinates equal to himself by the gifts of wealth ? A man can be God by doing noble deeds in this world. 10



તે અંગે વિશેષ વિધાન એવું છે કે આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી પુષ્યાર્કયોગે અથવા દીવાળીના દિવસે નાહી-ધોઈને ધૂપ-દીપ સહિત લખવો. પછી નૈવેદ્ય વગેરેથી પૂજન કરીને પંચામૃતનો હોમ કરવો અને ૨૨૦૦૦ મૂળ મંત્રનો જાપ કરી સેવંતી તથા જાઇના ફૂલથી પૂજા કરી, સોનાના માદળિયામાં મૂકી સાથે રાખવો, તેથી દ્યૂતમાં અવશ્ય જય થાય છે.

કૂતરાનું વિષ ઉતારવા માટે ૭ મીઠાની કાંકરી લઈને તે દરેકને ઉપર્યુક્ત મંત્રથી ૧૦૮ વાર અભિમંત્રિત કરવી અને જેને કૂતરું કરડ્યું હોય, તેને ખવરાવી દેવી. તો તેને ઝેર ચડશે નહિં. (આ પ્રયોગ હડકાયા કૂતરાના વિષ અંગે સમજવો.)

## ११. ખોવાયેલી વસ્તુ / વ્યક્તિ અપાવનાર

दृष्टवा भवन्त मनिमेष विलोकनीयं,
नाऽन्यत्र तोषमुपयाति जनस्य चक्षु: ।
पीत्वा पय: शशिकरद्युति दुग्धसिंधो:
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥११॥

**ભાવાર્થ :-** હે પ્રભુ ! સ્થિરદ્રષ્ટિએ જોવા લાયક એવા આપને જોયા પછી માણસની દ્રષ્ટિ બીજાને જોવામાં સંતોષ પામતી નથી. જેમ ચંદ્રના કિરણ જેવી ઉજ્જવળ કાંતિવાળા ક્ષીર સમુદ્રના જળનું પાન કર્યા પછી લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઈચ્છા કોણ કરે ? અર્થાત્ કોઈ ન કરે.

તીર્થંકર ભગવાનનું દર્શન ક્ષીરસાગરના જળ જેવું છે અને અન્ય દેવોનું દર્શન લવણસમુદ્રના જળ જેવું છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं णमो पत्तेयबुद्धीणं ।"


**मंत्र :-** "ॐ ह्रीं श्रीं क्लीं श्राँ श्रीं कुमतिनिवारण्यै महामायायै नम: स्वाहा ।"

**વિધિ :-** અગિયારમી ગાથા, ઋદ્ધિ તથા મંત્ર ૨૧ દિવસ સુધી લાલ માળા વડે

Drishtva bhavantam animesha vilokaniyam
nanyatra toshamupayati janasya chakshuh |
Pitva payah shashikaradyuti dugdha sindho
ksharam jalam jalnidhe rashitum ka ichchhet? || 11 ||

O god !

Having once seen Thy lovely face continuousaly at a glance, it is very difficult for the eyes to get satisfaction else where. When a man is fortunate enough to drink sweet water of the milky ocean then who will like to drink salty water of the sea. 11



જપવાથી, તથા યંત્ર અગિયારમો પાસે રાખવાથી ગઈ વસ્તુ પાછી મળે છે, ખોવાયેલા મનુષ્ય, દાસ, દાસી પણ પાછાં મળી આવે છે. વળી ચારે દિશા તરફ ઉભા રહીને જો દરેક દિશામાં તેનો ૧૦૮ જપ કરવામાં આવે અને ઈન્દ્રધ્વજ શણગારી જલયાત્રા કરવામાં આવે, તથા એ વખતે ગીત, નૃત્ય તથા પંચામૃતની જલધારા દઈ અમારી પડહ વગડાવી, બલિ-બાકુલા ઊંચા ઉછાળી નગરના દેવી-દેવતાઓને પૂજી અઠ્ઠમની તપશ્ચર્યા કરી, ૧૨૦૦૦ સરસવના દાણા પર મંત્ર ગણી તેને ઉછાળવામાં આવે તો જરૂર વરસાદ આવે છે.

## ૧૨. ઈષ્ટ સ્ત્રી દાયક

यै: शान्तरागरुचिभि: परमाणुभिस्त्वं,
निर्मापितस्त्रिभुवनैक - ललामभूत: ! ।
तावन्त एव खलु तेऽप्यणव: पृथिव्यां,
यत्ते समानमपरं नहि रूपमस्ति ।।१२।।

**ભાવાર્થ :-** ત્રણ લોકના અદ્વિતીય અલંકાર તુલ્ય હે પ્રભુ ! શાંતરસની કાંતિવાળા જે પરમાણુ વડે તમારૂં શરીર બન્યું છે તે પરમાણુઓ પૃથ્વી પર તેટલા જ છે એમ જણાય છે કેમ કે આ જગતમાં તમારા જેવું બીજા કોઈનું રૂપ દેખાતું નથી.

જો તેવા પરમાણુ બીજા હોત તો તમારા જેવું બીજું રૂપ પણ જોવા મળત. ૧૨




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो बोहियबुद्धीणं ।"


**મંત્ર :-** "ॐ आं अं अ: सर्वराजप्रजामोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** બારમી ગાથા, ઋદ્ધિ, તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર

Yaih shantaragaruchibhih paramanubhistvam nirmapitastribhuvanaika lalama bhuta |
Tavanta eva khalu tepyanavah prithivyam yatte samana maparam na hi rupamasti || 12 ||

O supreme ornament of the earth !

The peaceful and splendid atoms, with which your bodily frame has been constructed, were as many as were required for the purpose, as there is none equal to you in lustre & beauty on the earth.12



બારમાને પાસે રાખવાથી જે કન્યા પોતાને ઈષ્ટ હોય, તેની સાથે પાણિગ્રહણ થાય. વળી સ્ત્રી રીસાઈને ચાલી ગઈ હોય તો પાછી આવે.

અહીં એવું વિધાન પણ મળે છે કે ૪૨ દિવસ સુધી લાલ માળાથી ઋદ્ધિ અને મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવો. તે વખતે દશાંગ ધૂપ વાપરવો અને યંત્ર પાસે રાખવો. પછી મંત્ર દ્વારા ૧૦૮ વાર તેલ અભિમંત્રિત કરીને હાથીને પીવડાવવામાં આવે તો મદ ઉતરી જાય છે.

## १३. ચોર ભય નાશક

वक्त्रं क्व ते सुर - नरोरग - नेत्रहारि,
नि:शेष - निर्जित - जगत् - त्रितयोपमानम् ?
बिम्बं कलंक - मलिनं क्व निशाकरस्य ?
यद् वासरे भवति पाण्डु पलाशकल्पम् ।।१३।।

**ભાવાર્થ :-** દેવ, મનુષ્ય અને નાગકુમારના નેત્રને હરણ કરનારું તથા ત્રણે જગતની સમગ્ર ઉપમાને જીતનારૂં તમારૂં મુખ ક્યાં ? અને કર્મકલંકથી મલિન થયેલ ચંદ્રનું બિંબ ક્યાં ? કે જે ચંદ્રબિંબ દિવસે ફીક્કા ખાખરાના પાંદડાં જેવું થાય છે.

અર્થાત્ તમારા મુખને ચંદ્રની ઉપમા આપીએ તો તે બરાબર નથી.૧૩




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो उजुमईणं ।"


**मंत्र :-** "ॐ ह्रीं हंस: ऐँ ह्राँ ह्रीँ द्राँ द्रीँ द्रौँ द्र: मोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** તેરમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તેમજ

Vaktram kva te sura naroraga netra hari
nihshesha nirjita jagat tritayopamanam |
Bimbam kalanka malinam kva nishakarasya
Yad vasare bhavati pandu palasha kalpam || 13 ||

O God !

It is only misunderstanding & nothing else to compare Thy lotus like face with the moon, because thou are spotless & always shining on the earth. on the other hand the moon is spotted & becomes pale in the day time like the dry leaf of palas tree. Therefore no body can stand in comparison with Thee in all the three worlds. 13



**યંત્ર તેરમો પાસે રાખવાથી ચોરનો ભય ઉત્પન્ન થતો નથી. રસ્તે ચાલતાં કાંકરી અથવા માટીના કકડા લઈ ૧૦૮ વાર અભિમંત્રિત કરી ચારે દિશામાં નાખવાથી ચોરીનો ભય ઉત્પન્ન થતો નથી. ઘરના ચાર ખૂણામાં ચાર કાંકરી મંત્રીને નાખીએ તો ચોર ચોરી કરવા પેસી શકતો નથી.**

## ૧૪. જ્ઞાન-ગુણ-લક્ષ્મી દાયક

सम्पूर्ण मण्डल शशाङ्ककला - कलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर नाथमेकं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥१४॥

**ભાવાર્થ :-** હે ત્રણ જગતના ઈશ્વર ! પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણ ત્રણે જગતને વ્યાપીને રહેલા છે તે યોગ્ય જ છે. કેમ કે જેઓ અદ્વિતીય નાથને આશ્રયીને રહ્યા હોય તેમને ઈચ્છા પ્રમાણે ફરતાં કોણ રોકી શકે ?

અર્થાત્ તમારા ગુણો ત્રણે જગતમાં પ્રસરેલા છે. જગતના સર્વજીવો ભગવાનના ગુણોનું કીર્તન કરે છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो विउलमईणं ।"


**મંત્ર :-** "ॐ नमो भगवत्यै गुणवत्यै महामानस्यै स्वाहा ।"

**વિધિ :-** ચૌદમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર

Sampurna mandala shashanka kala kalapa
shubhra gunastribhuvanam tava langhayanti |
Ye sanshritastrijagadishvara! nathamekam
kastan nivarayati sancharato yatheshtam || 14 ||

O God !

The virtues, which are bright like the collection of phases of full-moon, bestride the three worlds. Who can curb them while moving at will, having taken resort to that supreme lord who is the sole overlord on earth. 14



**ચૌદમાને મસ્તક પર ભુજા પર કે હૃદય પર ધારણ કરવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે. વળી પવિત્ર થઈને શ્વેત વસ્ત્ર પહેરી, શ્વેત જપમાળાથી ત્રણ કાળ ધૂપ-દીપપૂર્વક ૧૦૮ વાર જાપ કરી, ઘી, ગુગલ, કસ્તૂરી, કેશર, કપૂર, સુખડ, રતાંજલી, અગર, શિલાસર વગેરેની ગુટિકા બનાવી હોમ કરવાથી, તેમ જ ત્રણ કાળ સરસ્વતી દેવીની મૂર્તિની સુગંધી દ્રવ્યો વડે પૂજા કરવાથી મહામૂર્ખ હોય, તે પણ વિદ્વાન થાય છે અને ગુણ તથા લક્ષ્મીની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે.**

## ૧૫. વીર્ય રક્ષા – સૌભાગ્ય લક્ષ્મી દાયક

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभिर्
नीतं मनागपि मनो न विकार - मार्गम् ।
कल्पान्तकाल - मरुता चलिताचलेन,
किं मन्दाराद्रि शिखरं चलितं कदाचित् ? ॥१५॥

**ભાવાર્થ :-** હે પ્રભુ ! દેવાંગનાઓએ શૃંગાર વગેરેની ચેષ્ટા વડે તમારા મનને સહેજ પણ વિકાર પમાડ્યો નહિ, તેમાં કોઈ આશ્ચર્ય નથી. કારણ કે જેણે બીજા પર્વતોને કંપાવ્યા છે તે પ્રલયકાળનો પવન શું મેરૂ પર્વતના શિખરને કંપાવી શકે ખરો ? નહીં જ.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो दसपुव्वीणं ।"


**મંત્ર :-** ॐ ह्रीं नमो भगवती गुणवती सुसीमा-पृथ्वी-वज्र-श्रृंखला-मानसी-महामानसी स्वाहा ।"

**વિધિ :-** પંદરમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર

Chitram kimatra yadi te tridashanganabhir
nitam managapi mano na vikara margam |
Kalpanta kala maruta chalitachalena
kim mandaradri shikharam chalitamkadachit || 15 ||

O Jinendra !

No wonder if the celestrial damsels are dancing and trying to distract God Adinath, but they could not win Thy heart even a littlebit and so badly fail in attemp. The winds of the Doomsday shake the top of the other mountains, but it could not move the peak of sumeru mountain. 15



પંદરમો કમ્મરે બાંધવાથી વીર્ય ચંચલ થતું નથી. સ્વપ્નમાં પણ વીર્યની રક્ષા થાય છે. વળી ૨૧ વાર મંત્રથી અભિમંત્રિત કરેલું તેલ મુખ પર લગાડવાથી રાજ-દરબારમાં પ્રભાવ વધે છે તથા સૌભાગ્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ૧૪ દિવસ સુધી લાલમાળાથી રોજનો ૧૦૦૦ જપ કરતાં શીઘ્ર ફલ પ્રાપ્તિ થાય છે.

## १६. प्रतिपक्षी પરાજય કારક

निर्धूमवर्तिरपवर्जित - तैलपूरः  
कृत्स्नं जगत् त्रयमिदं प्रकटीकरोषि ।  
गम्यो न जातु मरुतां चलिताचलानां,  
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

**ભાવાર્થ :-** હે નાથ ! દ્વેષરૂપી ધુમાડા અને કાળદશારૂપી વાટ રહિત તથા સ્નેહરૂપી તેલરહિત એવા તમે આ સમસ્ત ત્રણ જગતને પ્રકાશિત કરો છો આ રીતે તમે જગતને પ્રકાશિત કરનાર અલૌકિક દીવારૂપ છો, કેમ કે તમારા જ્ઞાનરૂપ દીપકને જેણે પર્વતોને ચલિત કર્યા છે તે પ્રલયકાળનો પવન પણ કંઈ કરી શકતો નથી. ૧૬





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो चउद्सपुव्वीणं ।"

**मंत्र :-** "ॐ नमो सुमंगला-सुसीमा-नामदेवी सर्वसमीहितार्थं वज्रशृंङ्खलां कुरु कुरु स्वाहा ।"

Nirdhumavartirapavarjita taila purah
kritsnam jagat trayamidam prakati karoshi |
Gamyo na jatu marutam chalita chalanam
dipoparastvamasi natha! jagatprakashah || 16 ||

O Lord !

Thou are an unparalled lamp - as it were, the very light of the universe which though devoid of smoke, wick and oil, illumines all the three worlds. It is also unaffected by the winds of the Doomsday and can not shake Thy glory.



**વિધિ :–** સોળમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર સોળમો પાસે રાખીને રાજદરબારમાં જવાથી પ્રતિપક્ષીની હાર થાય છે.

૯ દિવસ સુધી ૧૦૦૦ જપ કરવાથી શીઘ્ર પરિણામ આવે છે. આ વખતે માળા લીલા રંગની વાપરવી તથા ધૂપ કુંદરૂનો કરવો.

# १७. પેટના રોગ દૂર કરનાર

नास्तं कदाचिदुपयासि न राहुगम्य:,
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाभोंधरोदर - निरुद्धमहाप्रभाव:
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ।।१७।।

**ભાવાર્થ :-** હે મુનીંદ્ર ! આ જગતમાં તમારો મહિમા સૂર્યથી પણ અધિક છે. કેમ કે તમે કોઈપણ વખત અસ્ત પામતા નથી, રાહુ વડે ગ્રસિત થતા નથી, તત્કાળ એકી વખતે ત્રણ જગતને પ્રકાશિત કરો છો, તથા મેઘના મધ્યભાગ વડે તમારો મહાપ્રભાવ રોકાતો નથી.

આથી તમને સૂર્યની ઉપમા આપવી યોગ્ય નથી.





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो अट्ठंगमहाणिमित्तकुसलाणं ।"

**मंत्र :-** "ॐ णमो णमिऊण अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रपीडां जठरपीडां भञ्जय भञ्जय सर्वपीडासर्वरोगनिवारणं कुरु कुरु स्वाहा ।"

Nastam kadachidupayasi na rahugamyah
spashtikaroshi sahasa yugapajjaganti |
Nabhomdharodara niruddha maha prabhavah
suryatishayimahimasi munindra loke || 17 ||

O great sage !

Thou are uncomparable with the sun. The sun sets in the evening and Thou illuminates all the worlds. The sun is eclipsed by Rahu and Thou are not eclipsed by any body. The dark clouds cover the sun, but Thou are not covered by them. Therefore, Thou are unequal to sun.



**વિધિ** :– સત્તરમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર સત્તરમો પાસે રાખવાથી પેટમાં પીડા થતી નથી. અહીં વિશેષ વિધાન એવું છે કે સવારમાં શુદ્ધ થઈને શુદ્ધ વસ્ત્ર પહેરવું અને ઘીનો દીવો કરી ઘડાની સ્થાપના કરવી. પછી ઉત્તર દિશા ભણી મુખ રાખીને પીળી માળા લઈને ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવો અને રોજ ઋદ્ધિમંત્ર વડે ગુગલની ગોળી મંત્રીને તેનો ૧૦૮ વાર હોમ કરવો તથા મીઠાના કકડા ૭ મંત્રીને ઘડામાં નાખવા, તો જઠર રોગ, જલોદર, કઠોદર, ગુલ્મ, શૂળ, તથા પેટના બધા રોગોનો નાશ થાય છે.

## १८. धर्म स्थिरता-मांगलिक कारक

नित्योदयं दलित मोह महान्धकारं,
गम्यं न राहु वदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति,
विद्योतयज्जगदपूर्व शशाङ्क बिम्बम् ॥१८॥

**ભાવાર્થ :-** હે ભગવાન્ ! તમારૂં મુખરૂપ કમળ અપૂર્વ અલૌકિક ચંદ્રબિંબની સમાન શોભે છે કેમ કે તે નિરંતર ઉદય પામતું, મોહરૂપ અંધકારને નાશ કરનારૂં, રાહુથી ગ્રસિત નહિ થનારૂં, મેઘથી આચ્છાદિત નહિ થનારૂં ઘણી કાંતિવાળું અને સમગ્ર જગતને પ્રકાશિત કરનારૂં છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो विउव्वणइड्ढिपत्ताणं ।"


**मंत्र :-** "ॐ नमो भगवते जये विजये मोहय मोहय स्तम्भय स्तम्भय स्वाहा ।"

**વિધિ :-** અઢારમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર

Nityodayam dalitamoha mahandhakaram
gamyam na rahuvadanasya na varidanam |
Vibhrajate tava mukhabja manalpakanti
vidyotayajjagadapurva shashanka bimbam || 18 ||

O God !

Thou can not be compared with the moon-moon sets in the morning, but Thou always rise and destroy the ignorance of the three worlds. You are not eclipsed by rahu and suddenly by the clouds. O Lord ! The beauty Thy countenance is so charming that thou appear to be a peerless moon.



અઢારમો પાસે રાખવાથી બુદ્ધિનો વિભ્રમ થતો નથી, ધર્મમાં મતિ સ્થિર થાય છે તથા ઘરમાં માંગલિક ઉત્સવ થતા રહે છે. વિશેષમાં માર્ગે જતાં આંધી, દુષ્ટ વાયુ કે ઘોર અંધકારનો ભય થતો નથી.

લાલ માળા વડે ઋદ્ધિ તથા મંત્રનો ૭ દિવસ સુધી પ્રતિદિન ૧૦૦૦ જપ કરવો, યંત્ર પાસે રાખવો, ધૂપ દશાંગ કરવો. તે પછી ૧૦૮ મંત્રજપ કરવાથી શત્રુસેનાનું સ્તંભન થાય છે.

## ૧૯. મલીન પ્રયોગ નાશક

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा,
युष्मन्मुखेन्दु - दलितेषु तमस्सु नाथ !
निष्पन्न शालि - वनशालिनि जीवलोके,
कार्यं कियज्जलधरैर् जलभार - नम्रैः ! ।।१९।।

**ભાવાર્થ :-** હે નાથ ! તમારા મુખરૂપી ચંદ્રવડે પાપરૂપ અંધકારનો નાશ થાય છે અથવા દિવસે સૂર્યનું શું કામ છે ? કોઈ જ નહીં. જેમ જીવલોક પાકેલી શાલિ ના વનવડે શોભતું હોય તો જળના ભારથી નમી ગયેલા મેઘનું શું કામ છે ? કાંઈ જ નહિં. ૧૯




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो विज्जाहराणं ।"


**मंत्र :-** "ॐ ह्रां ह्रीं ह्रूं ह्रः यः क्षः ह्रीं वषट् नमः स्वाहा ।"

**વિધિ :-** ઓગણીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ઓગણીશમો પાસે રાખવાથી પરવિદ્યા આપણું ઉચ્ચાટન કરી

Kim sharvarishu shashinanhi vivasvata va
yushman mukhendu daliteshu tamassu natha |
Nishpanna shalivana shalini jivaloke
karyam kiyajjaladharair jalabhara namraih || 19 ||

O God !

If Thy lotus-face can destroy the darkness of the world; then what is the use of sun in the day & moon in the night. What is the use of clouds heavy with water, if the fields of the forest are full of grains.



શકતી નથી, એટલે કે કોઈ જાદુ, ટોણા, મૂઠ કે અન્ય મલીન પ્રયોગોની અસર થતી નથી. વળી આ કાવ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી જ્યાં જઈએ ત્યાં આજીવિકા સુખપૂર્વક મળી શકે છે. ભાગ્યહીન પુરુષ પણ આ યંત્રરાજની પૂજા કરે તો અન્નપાન સુખેથી મેળવી શકે છે.

# २०. पुत्र प्राप्ति कारक

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

**ભાવાર્થ :-** હે પ્રભુ ! અનંતપર્યાયવાળી વસ્તુને પ્રકાશિત કરનારૂં જ્ઞાન, કેવળજ્ઞાન જે રીતે તમારે વિષે શોભે છે તે રીતે હરિ, હર વિગેરે નાયકોને વિષે એવું શોભતું નથી. જે પ્રકારે દેદીપ્યમાન મણિઓને વિષે તેજ મહત્વને પામે છે તે પ્રકારે તેજસ્વી કાચના ટુકડામાં મહત્વ પામતું નથી. હરિ-હરાદિક દેવો વિભંગજ્ઞાની છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो चारणाणं ।"


**મંત્ર :-** "ॐ श्रां श्रीं श्रूं श्रः शत्रुभयनिवारणाय ठः ठः नमः स्वाहा ।"

**વિધિ :-** વીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર વીશમો સ્ત્રીના કંઠે બાંધવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે, તેમજ સંપત્તિ, સૌભાગ્ય, બુદ્ધિ અને

Gnyanam yatha tvayi vibhati kritavakasham
naivam tatha Hari Haradishu nayakeshu |
Tejah sfuran manishu yati yatha mahattvam
naivam tu kachashakale kiranakulepi || 20 ||

O God !

The Supreme knowledge which we see in thee, is seldom seen in Hari & Har. The effulgence which we see in sparking gems can not be seen in a piece of glass though filled with rays of the sun.



વિજય મળે છે.

અહીં વિશેષ વિધાન એવું છે કે વિધિપૂર્વક પવિત્ર થઈને રૂપાનાં પતરાં પર અષ્ટગંધથી યંત્ર લખવો, પછી તેની સ્થાપના કરીને તેની સન્મુખ પૂર્વ દિશાએ મુખ રાખીને રૂપાની નવકારવાળીથી ૧૦૮ વાર જાપ કરવો તથા સુગંધી ૧૦૮ પુષ્પોનો હાર બનાવી તેના વડે યંત્રની પૂજા કરવી. પછી પંચામૃતથી તેનું પ્રક્ષાલન કરીને એ ન્હવણ રૂપાની વાડકીમાં ગ્રહણ કરવું અને સ્નાનાંતરે સ્ત્રીને પીવડાવવું. આ પ્રકારે ત્રણ ઋતુસમયે પીવડાવવાથી અવશ્ય પુત્રની પ્રાપ્તિ થાય છે.

## ૨૧. વશીકરણ મંત્ર

**मन्ये वरं हरिहरादय एव दृष्टा,**
**दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।**
**किं वीक्षितेन भवता भुवि येन नान्य:,**
**कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥**

**ભાવાર્થ :-** હે નાથ ! હરિહરાદિક દેવો જે મેં પ્રથમ જોયા તે સારૂં થયું એવું હું માનું છું. કેમ કે હરિહરાદિક દેવોને જોયા છતાં મારૂ મન તમારે વિષે સંતોષને અનુભવે છે, વધુમાં તમને જોવાથી એ ફળ થયું કે ભવાંતરમાં પણ બીજો કોઈ દેવ મારા મનને સંતોષ નહિ આપી શકે. તમને જોયા એથી સંતોષ છે. કેમ કે તે સંતોષના પરિણામે ફરી બીજા દેવોને જોવાનું મન નહિં થાય.





**ઋદ્ધિ :-** “ॐ ह्रीं अर्हं णमो पण्णसमणाणं ।”

**મંત્ર :-** “ॐ नम: श्री मणिभद्र-जय-विजय-अपराजिते सर्व-सौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा ।”

Manye varam Hari Haradaya eva drishta
drishteshu yeshu hridayam tvayitoshameti |
Kim vikshitena bhavata bhuviyena nanyah
kashchinmano harati natha! bhavantarepi || 21 ||

O Jinendra !

I am glad to see Hari, Har & other Gods first, for, after seeing you, I derive satisfaction only in you. But what would be the advantage in seeing first, for no one can win my heart in cycles of birth in future.



**વિધિ** :- એકવીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર એકવીશમો પાસે રાખવાથી સર્વ જન વશ થાય છે. આ જપ ૪૨ દિવસ સુધી કરવો જોઈએ.

# २२. ભૂત-પિશાચ દૂર કરનાર

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्,
नान्य सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥२२॥

**ભાવાર્થ :-** સેંકડો કરોડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારા જેવા પુત્રને બીજી કોઈ માતાએ જન્મ આપ્યો નથી. સર્વ દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે પરંતુ પૂર્વ દિશા જ દેદીપ્યમાન કિરણોવાળા સૂર્યને જન્મ આપે છે.



**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो आगासगामिणं ।"

**મંત્ર :-** "ॐ नमः श्री वीरेहिं जृम्भय जृम्भय मोहय मोहय स्तम्भय स्तम्भय अवधारणं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** બાવીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ

Strinam shatani shatasho janayanti putran
nanya sutam tvadupamam janani prasuta |
Sarva disho dadhati bhani sahasra rashmim
prachyeva digjanayati sphuradamshujalam || 22 ||

O God !

Hundreds of mothers give birth to numberless sons, but there is no other mother, who gave birth to a son like Thee. All over, countless stars are twinkiling, it is only eastern direction which gave birth to the sun shining with countless rays in the sky.



કરવાથી તથા યંત્ર બાવીશમો પાસે રાખવાથી ભૂત, પિશાચ, ચુડેલ આદિ દૂર થાય છે. અહીં હળદરના ગાંઠિયાને ૨૧ વાર અભિમંત્રિત કરી તેને ચાવવાનો વ્યવહાર પણ છે. એ રીતે ગાંઠિયો ચાવતાં જ ભૂત-પિશાચ-ચુડેલ દૂર ભાગે છે.

## ૨૩. પ્રેત બાધા દૂર કરનાર

**त्वामामनन्ति मुनयः परमं पुमांस,**
**मादित्यवर्णममलं तमसः परस्तात् ।**
**त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,**
**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्थाः ॥२३॥**

**ભાવાર્થ :-** હે મુનીંદ્ર ! મુનિઓ તમને ઉત્કૃષ્ટ પુરુષરૂપ પરમાત્મારૂપ સૂર્ય જેવી કાંતિવાળા નિર્મલ અને અંધકારથી દૂર રહેલા માને છે તથા તમને જ અંતઃકરણની શુદ્ધિ વડે પામીને પ્રાણીઓ મૃત્યુને જીતે છે. સિદ્ધ થાય છે. આ સિવાય બીજો કોઈ પણ ઉપદ્રવરહિત મોક્ષનો માર્ગ નથી.

મિથ્યાત્વી જીવ બાહ્યાત્મા કહેવાય છે. સમ્યક્દૃષ્ટિ સકર્માજીવ અંતરાત્મા કહેવાય છે અને કર્મરહિત જીવ પરમાત્મા કહેવાય છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं आसीविसाणं ।"


**मंत्र :-** "ॐ नमो भगवति जयवति मम समीहितार्थं मोक्षसौख्यं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** ત્રેવીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ

Tvamamananti munayah paramam pumamsham
adityavaranam amalam tamasah purastat |
Tvameva samyagupalabhya jayanti mrityum
nanya shivah shivapadasya munindra! panthah || 23 ||

O God !

The great sages consider Thee to be "Almighty" Who is as luminous as the sun and destroys the ignorance Having perfectly realised Thee, men even win death. O god ! There is no other way of Moksh ! except Thee.



કરવાથી, તથા યંત્ર ત્રેવીશમો પાસે રાખવાથી પ્રેતબાધા દૂર થાય છે. જ્યારે કોઈને વળગેલા પ્રેતની બાધા દૂર કરવી હોય ત્યારે પ્રથમ ૧૦૮ મંત્ર બોલીને આત્મરક્ષા કરવી અને પછી આ મંત્રથી ઝાડો દેવો.

## ૨૪. આધાશીશી પીડા નાશક

**त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,**
**ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।**
**योगीश्वरं विदितयोगमनेकमेकं,**
**ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! તમે અવ્યય-વૃદ્ધિ-હાનિ-રહિત, વિભુ, અચિંત્ય અસંખ્ય ગુણવાળા, આદ્ય-પ્રથમ તીર્થંકર. બ્રહ્મરૂપ, ઈશ્વર, અનંત, કામદેવનો નાશ કરવામાં કેતુ સમાન, યોગીઓના ઈશ્વર, યોગવેત્તા, અનેક ગુણ પર્યાય યુક્ત વસ્તુને જાણતા હોવાથી અનેક એક-અદ્વિતીય. જ્ઞાનસ્વરૂપ વાળા તથા અઢાર દોષ રહિત નિર્મળ છો આ રીતે સત્પુરુષો તમને કહે છે.





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो दिट्ठिविसाणं।"

**मंत्र :-** "ॐ नमो भगवते वड्ढमाणसामिस्स सर्वसमीहितं कुरु कुरु स्वाहा। ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा झ्रौँ झ्रौँ स्वाहा।"

Tvamavyayam vibhumachintya masankhyamadyam
Brahmanamishvara mananta manangaketum |
Yogishvaram vidita yoga manekamekam
Gnana svarupa mamalam pravadanti santah || 24 ||

O supreme God !

The righteous consider Thee to be immutable, almighty incomprehensible, unnumberable, The first Brahma the supreme Lord shiva, endless enemy of cupid, Lord of yogis, the knower of yoga, many. one stainless, protector, ocean of knowledge and supreme Lord of three worlds.



**વિધિ** :– ચોવીશમી ગાથા, ૠદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર ચોવીશમો પાસે રાખવાથી આધાશીશી વગેરે મસ્તક પીડા દૂર થાય છે. અહીં ૨૧ વાર મંત્ર ભણી રાખને અભિમંત્રિત કરવાનો તથા મસ્તક પર નાખવાનો રીવાજ છે.

## ૨૫. અગ્નિ ભય નાશક

बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धिबोधात्,
त्वं शङ्करोऽसि भुवनत्रय शङ्करत्वात् ।
धातासि धीर ! शिवमार्गविधेर्विधानात्,
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ।।२५।।

**ભાવાર્થ :-** દેવોથી પૂજાયેલા હે પ્રભુ ! પદાર્થોમાં બુદ્ધિનો પ્રકાશ કારવાથી તમે જ બુદ્ધ છો. ત્રણ ભુવનના પ્રાણીઓને સુખ આપનાર હોવાથી તમે જ શંકર છો. હે ધીર ! મોક્ષમાર્ગની વિધિના બતાવનાર હોવાથી તમે જ ધાતા-સર્જનહાર છો. હે ભગવાન ! તમે જ પ્રગટ રીતે પુરુષોને વિષે ઉત્તમ હોવાથી પુરુષોત્તમ છો.





**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो उग्गतवाणं ।"

**મંત્ર :-** 'ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा झ्रौँ झ्रौँ स्वाहा ।
ॐ नमो भगवति जये विजये अपराजिते सर्वसौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा ।"

Buddhastvameva vibudharchita buddhibodthat
tvam Shankaroasi bhuvanatraya shankaratvat |
Dhatasi dhira!shivamarga vidhervidhanat
vyaktam tvameva Bhagavan!purushottamoasi || 25 ||

O Lord !

Thy knowledge is appreciated by the gods and that is why Thou does are buddha. Thou does good to all the worlds, therefore Thou are Shankar and as Thou prescribed the process leading to the path of salvation Thou are vidhata. No human body comes in match with Thee, therefore Thou are purushottam also. 25



**વિધિ** :– પચીસમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર પચીશમો પાસે રાખવાથી આરાધક પર અગ્નિની અસર થતી નથી. અગ્નિનું દિવ્ય કરવાનો પ્રસંગ આવે તો અગ્નિ ઠંડો થઈ જાય છે.

## २६. પ્રસુતિ પીડા નાશક

तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥

**ભાવાર્થ :-** હે નાથ ! ત્રણ લોકની પીડા હરનાર તમને નમસ્કાર હો, હે પૃથ્વીના નિર્મલ અલંકારરૂપ ! તમને નમસ્કાર હો, હે ત્રણ જગતના પરમેશ્વર! તમને નમસ્કાર હો, હે જિનેશ્વર ! ભવરૂપી સમુદ્રનું શોષણ કરનાર એવા તમને નમસ્કાર હો.




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो दित्ततवाणं।"

**मंत्र :-** "ॐ नमो भगवति ॐ ह्रीं श्रीँ क्लीँ हूँ हूँ परजनशान्तिव्यवहारे जयं कुरु कुरु स्वाहा।"

Tubhyam namastribhuvanartiharaya natha
Tubhyam namah kshititalamala bhushanaya |
Tubhyam namastrijagatah parameshvaraya
Tubhyam namo jina! bhavodadhi shoshanaya || 26 ||

O Jinendra !

Thou are the destroyer of miseries of the earth therefore I bow down infront of Thy lotus feet. I offer my salute to Thee, because Thou are the matchless ornament of the worlds. Thou are whole - sole authority of the three worlds and so Thou can dry up the ocean of worldly sorrows.




**વિધિ** :– છવીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર છવીશમો પાસે રાખવાથી આધાશીશી મટે છે અને તેનાથી અભિમંત્રિત કરેલા તેલનું માલીશ કરવાથી તથા અભિમંત્રિત જલ પીવડાવવાથી સ્ત્રીને પ્રસૂતિ આરામથી થાય છે.

## ૨૭. શત્રુ ભય નાશક

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै -
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !
दोषै रुपात्तविविधा श्रयजातगर्वैः,
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ।।२७।।

**ભાવાર્થ :-** હે મુનીશ્વર ! અમને એમ લાગે છે કે અન્ય સ્થળે આશ્રય નહિ મળવાથી જ બધા ગુણોએ તમારો આશ્રય કર્યો છે એમાં શું આશ્ચર્ય ? તેમ જ અનેક સ્થળે આશ્રય પામવાથી જેમને અભિમાન થયું છે તે દોષોએ કોઈ વખત સ્વપ્નમાં પણ તમને જોયા નથી એમાં પણ શું આશ્ચર્ય ?

અર્થાત્ બધા ગુણોએ તમારામાં આશ્રય કર્યો છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो तत्ततवाणं ।"

**મંત્ર :-** "ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी चक्रेणानुकूलं साधय साधयः शत्रून् उन्मूलय उन्मूलय स्वाहा ।"

Ko vismayoatra yadi nama gunairasheshaih
tvam samshrito niravakashataya munisha |
Doshairupatta vividhashraya jatagarvaih
svapnantarepi na kadachidapikshitosi || 27 ||

O Munishwar !

It is not surprising that all the virtues have been drawn and densely fused in to Thou, leaving no scope for vices. The vices have creeped in multitude of other beings. Elevated by the false pride, they drift away and do not approach thou even in dream.



**વિધિ :–** સત્તાવીશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તેમજ યંત્ર સત્તાવીશમો પાસે રાખવાથી શત્રુ આપણને કોઈ પ્રકારની હાની પહોંચાડી શકતો નથી અને તેનો ક્ષય થાય છે. અહીં કાળી માળા ફેરવવાનો તથા કાળા મરીનો હોમ કરવાનો વિધિ છે.

## ૨૮. સૌભાગ્ય-કીર્તિ-લક્ષ્મી વૃદ્ધિ કારક

उच्चैरशोकतरु - संश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत् किरणमस्ततमोवितानं,
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ।।२८।।

**ભાવાર્થ :-** હે ભગવાન્ ! ઉંચા અશોકવૃક્ષની નીચે રહેલું તમારૂં દેદીપ્યમાન નિર્મલ રૂપ મેઘ મંડલની પાસે અત્યંત ચમકી રહેલા અને અંધકારના સમૂહને નાશ કરનારા એવા સૂર્યના બિંબ જેવું ખૂબ જ શોભે છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो महातवाणं ।"

**મંત્ર :-** "ॐ नमो भगवते जय विजय जृम्भय जृम्भय मोहय मोहय सर्वसिद्धिसम्पत्तिसौख्यं कुरु कुरु स्वाहा ।"

Uchchairashokatarusamshrita munmayukha
mabhati rupamamalam bhavato nitantam |
Spashtollasat kiranamasta tamo vitanam
bimbam raveriva payodhara parshvavarti || 28 ||

O God !

Under the shade of Ashok tree, Thy shining apprearance looks very much beautiful and charming as the rays of the sun. Thy appearance dispels the worldy vast expanse of darkness. Just as the sun which is too much high in the sky. yet seems near above the clouds and it throws the rays on the earth.



**વિધિ** :- અઠ્ઠાવીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર અઠ્ઠાવીશમો પાસે રાખવાથી વ્યાપારમાં લાભ થાય છે તથા સૌભાગ્ય, કીર્તિ અને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. અહીં માળા પીળી ફેરવવી જોઈએ તથા યંત્રની પૂજા સુગંધી પીળાં ફૂલથી કરવી જોઈએ.

# ૨૯. સ્થાવર વિષ – નેત્ર પીડા હરનાર

सिंहासने मणिमयूखशिखाविचित्रे,
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं,
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मैः ॥२९॥

**ભાવાર્થ :-** હે ભગવાન્ ! રત્નના કિરણોના અગ્રભાગથી વિવિધરંગવાળા સિંહાસન ઉપર તમારૂં સુવર્ણ જેવું સુંદર શરીર ઉંચા ઉદયાચલ પર્વતના શિખર ઉપર જેના કિરણોનો સમૂહ આકાશમાં શોભી રહ્યો છે એવા સૂર્યના બિંબ જેવું શોભે છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो घोरतवाणं ।"

**मंत्र :-** "ॐ नमो णमिऊण पास विसहरफुलिंगमंतो विसहरनामक्खरमंतो सर्वसिद्धिमीहे इह समरंताणमण्णे जागइ कप्पदुम्मं च सर्वसिद्धिः ॐ नमः स्वाहा ।"

Simhasane mani mayukha shikha vichitre
vibhrajate tava vapuh kanakavadatam |
Bimbam viyadvilasadamshulata vitanam
tungodayadri shirasiva sahasrarashmeh || 29 ||

O Supreme Lord !

The golden throne is so extraordinarily beautiful that it is shining brightly with the rays of gems. Thy glorious appearance seems matchless on the throne in the three worlds like the sun shining with thousands of rays on the top of the eastern mountain. 29.



**વિધિ** :– ઓગણત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તેમજ યંત્ર ઓગણત્રીશમો પાસે રાખવાથી સ્થાવર વિષ ચડતું નથી, એટલે કે અફીણ, સોમલ, આકડો, ધંતૂરો વગેરે ખાવામાં આવી ગયા હોય તો પણ તેની અસર થતી નથી. વળી તેનાથી નેત્રપીડા દૂર થાય છે અને વીંછીનું ઝેર ઉતરી જાય છે.

# ૩૦. સર્વ ભય નાશક

कुन्दावदातचलचामरचारुशोभं,
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

**ભાવાર્થ :-** મોગરાના ફુલ જેવા સફેદ વીંઝાતા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનારૂં અને સુવર્ણ જેવી કાંતિવાળું તમારૂં શરીર ઉદય પામેલા ચંદ્રમા જેવા પવિત્ર ઝરણાના પાણીની ધારાઓથી સુશોભિત મેરૂપર્વતની સુવર્ણમય ભૂમિ જેવું શોભે છે.





**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो घोरगुणाणं ।"

**મંત્ર :-** "ॐ ह्रीं श्रीं पार्श्वनाथाय ह्रीं धरणेन्द्रपद्मावती सहिताय अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रान् स्तम्भय स्तम्भय रक्षां कुरु कुरु स्वाहा ।"

Kundavadata chalachamara charushobhama
vibhrajate tava vapuh kaladhautakantam |
udyachchashanaka shuchi nirjhara varidhara
muchchaistam suragireriva shatakaumbham || 30 ||

O Supreme Lord !

On the both sides of Thy gold lustred body, the gods and goddesses of heaven are waving chamars which are as white as kunda flowers. Thy appearance seems as if the stream of water is falling on both sides of sumeru mountain, which is as bright and white as the rising moon in the sky.



**વિધિ :–** ત્રીશમી ગાથા ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તેમજ યંત્ર ત્રીશમો પાસે રાખવાથી પ્રવાસમાં દ્વિપદ કે ચતુષ્પદ હિંસક પ્રાણીઓનો ભય ઉપસ્થિત થતો નથી. વળી આ યંત્રનું નિરંતર પૂજન કરવાથી સર્વ ભયો દૂર થાય છે.

## ૩૧. સન્માન વૃદ્ધિ-ચર્મરોગ નાશક

छत्रत्रयं तव विभाति शशांककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकर प्रतापम् ।
मुक्ताफल - प्रकरजाल - विवृद्धशोभं ,
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ।।३१।।

**ભાવાર્થ :-** હે પ્રભુ ! તમારા મસ્તક ઉપર ચંદ્રના જેવા મનોહર, સૂર્યના કિરણોના પ્રતાપને ઢાંકી દેનાર, મોતીના સમૂહની રચનાથી વિશેષે શોભતાં ત્રણ છત્રો તમારૂં ત્રણ જગતનું સ્વામીપણું સુચવે છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो घोरगुणपरक्कमाणं ।"

**मंत्र :-** "ॐ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहर-विस-णिण्णासं, मंगल-कल्लाण-आवासं ।
ह्रीं नमः स्वाहा ।"

Chhatratrayam tava vibhati shashanka kanta
muchchaih sthitam sthagita bhanukara pratapam |
Muktaphala prakarajala vivrddhashobham
prakhyapayat trijagatah parameshvaratvam || 31 ||

O God !

The three chhatras' on Thy head; as beautiful and charming like the moon, being held high but yet mitigating the influence of sun's rays, and very much beautiful due to the net work of stars similar to the group of pearls, The three chhatras proclaim that Thou are the supreme lord of the three worlds.



**વિધિ** :– એકત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તેમજ યંત્ર એકત્રીશમો પાસે રાખવાથી રાજ્ય તરફનું સન્માન મળે છે. વિશેષમાં ચર્મરોગ મટાડવા માટે પણ આ આરાધના ઉપયોગી છે.

## ૩૨. રાજસન્માન-લક્ષ્મી દાયક

उन्निद्रहेम - नवपकंज - पुञ्ज कान्ति-
पर्युल्लसन्नख मयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ।।३२।।

**ભાવાર્થ :-** હે જિનેન્દ્ર ! વિકસ્વર સુવર્ણના નવીન કમળના સમૂહની કાંતિવાળા તથા ચોતરફ પ્રસરતા નખના કિરણોની શ્રેણિવડે મનોહર એવા તમારા બે ચરણ જ્યાં જ્યાં પાદનિક્ષેપ કરે છે ત્યાં ત્યાં દેવતાઓ કમળોને રચે છે.





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो विप्पोसहिपत्ताणं ।"

**मंत्र :-** "ॐ ह्रीं श्री कलिकुण्डस्वामिन् आगच्छ आगच्छ आत्ममन्त्रान् आकर्षय आकर्षय आत्ममन्त्रान् रक्ष रक्ष परमन्त्रान् छिन्द छिन्द मम समीहितं कुरु कुरु स्वाहा ।"

Unnidra hema nava pankaja punjakanti
paryullasannakha mayukha shikhabhiramau |
Padau padani tava yatra Jinendra dhattah
padmani tatra vibudhah parikalpayanti || 32 ||

O Jinendra

When you go through the country, the gods and goddesses arrange beautiful lovely blooming golden lotus under your holy feet. O sage ! how can I describe the extraordinary glory of your lotus like - feet ? They are beautiful like the bunch of golden blooming lotus, As the buds of lotus are blooming in the morning, at the sun rise similarly, the nails of the feet of first Jinendra are exceeding the beauty of the buds of the golden lotus promptly.



**વિધિ** :– બત્રીશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર બત્રીશમો પાસે રાખવાથી સુવર્ણ વગેરે ધાતુના વ્યાપારમાં લક્ષ્મીનો લાભ થાય છે, રાજસન્માન મળે છે અને પાંચ જણ વચ્ચે પોતાનું બોલેલું વાક્ય પ્રમાણભૂત થાય છે.

# ૩૩. દુર્જન વશીકરણ

इत्थं यथा तव विभूतिरभूतज्जिनेन्द्र,
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृत: प्रहतान्धकारा,
तादृक् कुतोग्रहणस्य विकाशिनोऽपि ॥३३॥

**ભાવાર્થ :-** હે જિનેશ્વર ! આ પ્રમાણે ધર્મોપદેશના સમયે જેવી તમારી વિભૂતિ હોય છે તેવી અન્ય દેવોની હોતી નથી કારણ કે સૂર્યની કાંતિ જે પ્રકારે અંધકારનો નાશ કરે છે તે પ્રકારે બીજા સર્વ ગ્રહો વિકસ્વર હોય તો પણ કરી શકે નહીં.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो सव्वोसहिपत्ताणं ।"

**મંત્ર :-** "ॐ नमो भगवते अप्रतिचक्रे ऐँ कलीँ ब्लूँ ॐ ह्रीं मनोवाञ्छितसिद्ध्यं नमो नमः अप्रतिचक्रे ह्रीँ ठः ठः स्वाहा ।"

Ittham yatha tava vibhutirabhujjinendra
dharmopdeshanavidhau na tatha parasya |
Yadrik prabha dinakritah prahatandhakara
tadrik kuto grahaganasya vikashinopi || 33 ||

O God !

The glory which Thou attained in your discourse can not be seen anywhere. How can the lustre of the shining planets be so bright, as the darkness destroying radiance of the sun.



**વિધિ** :– તેત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર તેત્રીશમો પાસે રાખવાથી દુર્જન પુરુષ વશ થાય છે અને તેની જીભ બંધ થઈ જાય છે, એટલે કે તે આપણી સાથે કંઈ બોલી શકતો નથી.

# ૩૪. હસ્તિભય નાશક

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावता भमिभमुद्धतमापतन्तं,
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३४॥

**ભાવાર્થ :-** હે ભગવાન્ ! ઝરતા મદ વડે વ્યાપ્ત અને ચપળ તથા ગંડસ્થળને વિષે મદોન્મત્તપણે ભમતા એવા ભમરાઓના ઝંકાર શબ્દથી જેનો કોપ વધી ગયેલો છે એવા ઐરાવત હાથી જેવા મોટા અને ઉદ્ધતપણે સામે આવતા હાથીને જોયા છતાં તમારા આશ્રિતોને - ભક્તજનોને લેશ પણ ભય થતો નથી.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो मणबलीणं ।"

**મંત્ર :-** "ॐ नमो भगवते अष्टमहानागकुलोच्चाटिनि कालदष्टमृतकोत्थापिनी परमन्त्रप्रणाशिनि देवि शासनदेवते ह्रीं नमो नमः स्वाहा ।"

Schyotanmadavila vilolakapolamula
matta bhramad bhramara nada vivriddhakopam |
Airavata bhamibha muddhatamapatantam
dristva bhayam bhavati no bhavadashritanam || 34 ||

O God !

Those who come to Thy shelter, are not afraid from the fear of a Airavata, like Infuriated elephant, whose anger is red and hot due to the buzzing sound of the intoxicated bees hovering about its cheeks even if elephat is coming infront to attack them instantly.



**વિધિ** :– ચોત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ચોત્રીશમો પાસે રાખવાથી મદોન્મત્ત હાથી વશ થાય છે.

# ૩૫. હિંસક પશુ ભય નાશક

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त -
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३५॥

**ભાવાર્થ :-** હે ભગવન્ ! વિદારેલા હાથીના કુંભસ્થળમાંથી પડેલા રૂધિરથી ખરડાયેલા ઉજ્જવળ મોતીના સમૂહ વડે પૃથ્વીને શોભાવનાર, ફાળ મારવા માટે બે પગ ભેગા કર્યા છે જેણે એવો સિંહ પણ પોતાની એક જ ફાળમાં આવેલા તમારા ચરણાશ્રિત સેવકને મારી શકતો નથી.

અર્થાત્ તમારા આશ્રિત સેવકને સિંહ પણ મારી શકતો નથી.





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो वयणबलीणं ।"

**मंत्र :-** "ॐ नमो एषु वृत्तेषु वर्द्धमान तव भयहरं वृत्तिवर्णायेषु मन्त्राः पुनः स्मर्तव्या अतो ना परमन्त्रनिवेदनाय नमः स्वाहा ।"

Bhinnebha – kumbha – galadujjvala – shonitakta,
muktaphala prakara – bhushita bhumibhagah |
baddhakramah kramagatam harinadhipopi,
nakramati kramayugachalasanshritam te || 35 ||

O Supreme Lord !

Even the furious lion who has pierced the cheeks of elephant and has decorated the earth speading the pearls spotted with blood flowing from the wounds, does not attack the traveller who has taken shelter in the mountain of Thy lotus feet.



**વિધિ** :– પાંત્રીશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાંત્રીશમો પાસે રાખવાથી સિંહ, વાઘ વગેરેનો ડર રહેતો નથી.

## ૩૬. અગ્નિ ઉપદ્રવ નાશક

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पम्
दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव संमुखमापतन्तम्
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥३६॥

**ભાવાર્થ :-** હે ભગવન્ ! તમારું નામરૂપી કીર્તનજળ પ્રલયકાળના વાયુથી ઉદ્ધત થયેલા અગ્નિની જેવા જાજ્વલ્યમાન, ઊંચી ઉડતી જ્વાળાવાળા, ચોતરફ તણખા ઉડતા હોય તેવા અને સમગ્ર જગતને ગળી જવાને - બાળી નાખવાને ઈચ્છતા હોય તેવા દાવાનળને પણ શાંત કરી દે છે.





**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो कायबलीणं ।"

**મંત્ર :-** "ॐ ह्रीं श्रीं क्लीं ह्रां ह्रीं अग्निमुशपमनं कुरु कुरु स्वाहा ।"

Kalpantakala – pavanoddhata – vahnikalpam,
davanalam jvalita mujjavala mutphulingam |
vishvam jighatsumiva sammukhamapatantam,
tvannamakirtanajalam shamayatyashesham || 36||

O God !

The Conflagration of the forest is so furious due to the flowing winds of Doomsday, that it seems as if it will devour the world ! O God ! Thou are so merciful that it may be extinguished by the recitation of Thy name.



**વિધિ** :– છત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર છત્રીશમો પાસે રાખવાથી અગ્નિનો ઉપદ્રવ થતો નથી. અગ્નિનો ભય ઉપસ્થિત થયે ઋદ્ધિ તથા મંત્રથી ૨૧ વાર પાણી અભિમંત્રિત કરીને ઘરની ચારે બાજુ છાંટવાથી એ ભય દૂર થાય છે

## ૩૭. સર્પ વિષ ભય નાશક

रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं,
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशङ्क -
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥३७॥

**ભાવાર્થ :-** હે પ્રભુ ! જે પુરૂષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની મંત્ર રહેલો હોય તે પુરૂષ રક્તનેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ જેવા કાળા, ક્રોધથી છંછેડાયેલા, ઊંચી ફણાવાળા અને સન્મુખ દોડી આવતા એવા સર્પને પણ શંકા વગર પોતાના બે પગ વડે ઉલ્લંઘે છે.

અર્થાત્ હૃદયમાં આપનું ધ્યાન ધરનારને ભયંકર સર્પ કશું કરી શકતા નથી.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं णमो खीरासवीणं ।"


**મંત્ર :-** "ॐ नमो श्राँ श्रीँ श्रूँ श्रः जलदेवि कमले पद्महृदनिवासिनि पद्मोपरिसंस्थिते सिद्धिं देहि मनोवाञ्छितं कुरु कुरु स्वाहा ।"

**વિધિ :-** સાડત્રીશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર

Raktekshanam samadakokila – kanthanilam,
krodhoddhatam phaninamutphanamapatantam |
akramati kramayugena nirasta shanka
stvannama nagadamani hridi yasya punsah || 37 ||

O God ! O Great Sage !

If a furious huge snake, who is red hot with anger and black like the neck of a cuckoo and who is coming to attack, expanded his fangs fiercely, cannot harm a man, who is remembering Thy name devotedly in his heart day and night.



સાડત્રીશમો પાસે રાખવાથી સર્પ તથા વિષનો ભય ઉપસ્થિત થતો નથી. અહીં વિશેષ વિધિ એવો છે કે પુષ્યાર્કમાં સારા દિવસે અષ્ટગંધથી ભોજપત્ર પર મંત્ર લખવો અને તેને માદળિયામાં નાખવો. પછી તેને દહીં, દૂધ, ઘી વગેરે પંચામૃતમાં ત્રણ ત્રણ દિવસ રાખીને પછી ભુજાએ ધારણ કરવો, તેથી સર્પનો ભય રહેતો નથી. વળી જે આ યંત્રનું નિરંતર શ્વેત પુષ્પ, તેમજ નૈવેદ્ય અને ફૂલથી પૂજન કરે તેના ઘરમાં સર્પનો પ્રવેશ થતો નથી.

નિરંતર યંત્રનું પૂજન કરનાર જો પંચામૃત કે પાણીને ૨૧ વાર અભિમંત્રિત કરીને પાય તો સર્પનું ઝેર ઉતરી જાય છે. કાંસાના વાડકામાં ૧૦૮ વાર જલ અભિમંત્રિત કરીને પાવાથી પણ ઝેર ઉતરી જાય છે.

## ૩૮. યુદ્ધ ભય - ક્રોધ નાશક

वल्गत्तुरङ्ग गजगर्जित भीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धम्
त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति, ॥३८॥

**ભાવાર્થ :-** હે ભગવન્ ! તમારૂં નામસ્મરણ કરવાથી જે યુદ્ધમાં યુદ્ધ કરતા ઘોડાઓ, હાથીઓના ગર્જારવ તથા મારો મારોના યુદ્ધનાદો થતા હોય એવું બળવાન રાજાઓનું સૈન્ય ઉદય પામતા સૂર્યના કિરણોના અગ્રભાગ વડે વિંધાયેલા અંધકારની જેમ તત્કાળ નાશ પામે છે.

અર્થાત્ યુદ્ધમાં તમારૂં નામસ્મરણ કરે તો શત્રુનું સૈન્ય પાછું હઠી જાય છે.




**ऋद्धि :-** "ॐ ह्रीं णमो सप्पिसवीणं ।"

**मंत्र :-** "ॐ नमो नमिऊण विषहर विषप्रणाशन-रोगशोक दोष - ग्रह - कप्पदुमच्चजायई सुहनामगहण सकल सुहदे ॐ नमः स्वाहा ।"

Valgatturanga gajagarjita – bhimanada
majau balam balavatamapi bhupatinam |
udyaddivakara mayukha – shikhapaviddham
tvat -kirtanat tama ivashu bhidamupaiti || 38 ||

In the battle field the powerful kings are fighting bravely and the loud roar of the elephants and horses is exciting the warriers time to time. yet a man reciting Thy scared name is successful in the war, just as the sun rays in the morning destroy the darkness of the night.



**વિધિ** :– આડત્રીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર આડત્રીશમો મસ્તકે ધારણ કરવાથી યુદ્ધનો ભય ઉપસ્થિત થતો નથી, રાજાનો ક્રોધ શમી જાય છે અને પોતાના બલ તથા પરાક્રમમાં વૃદ્ધિ થાય છે.

# ૩૯. સર્વ ભય નાશક

कुन्ताग्रभिन्न गजशोणितवारिवाह-
वेगावतार तरणातुरयोध भीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वत्पादपंकज वनाश्रयिणो लभन्ते ॥३९॥

**ભાવાર્થ :-** હે પ્રભુ ! તમારા ચરણકમળનો આશ્રય કરનાર મનુષ્યો ભાલાના અગ્રભાગથી ભેદાયેલા હાથીઓના રૂધિરરૂપી જળપ્રવાહને વિષે વેગથી પ્રવેશ કરી તેને પાર કરવા માટે વ્યાકુળ થયેલા વીરો વડે ભયંકર દેખાતા યુદ્ધને વિષે દુર્જય શત્રુઓનો પરાભવ કરી વિજય પામે છે.





**ऋद्धि :–** "ॐ ह्रीं णमो महुरसवीणं ।"

**मंत्र :–** "ॐ नमो चक्रेश्वरीदेवी चक्रधारिणी जिनशासन सेवाकारिणी क्षुद्रोपद्रवविनाशिनी धर्मशान्तिकारिणी नमः शान्तिं कुरु कुरु स्वाहा ।"

Kuntagrabhinnagaja shonitavarivaha
vegavatara taranaturayodha bhime |
yuddhe jayam vijitadurjayajeyapaksha
stvatpada pankajavanashrayino labhante || 39 ||

In the battle field, where the elephants are wounded by the spears and swords and the river of blood is flowing the warriors wants to cross into the enemy side. at that moment devout man recites Thy name from the bottom of his heart gets success by defeating enemy face to face.



**વિધિ** :– ઓગણચાલીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર ઓગણચાલીશમાનું પૂજન કરવાથી સર્વ પ્રકારનો ભય મટે છે, યુદ્ધમાં હથિયારનો ઘા લાગતો નથી તથા રાજ્ય દ્વારા ધનલાભ થાય છે.

## ૪૦. જલ-સમુદ્ર ભય નાશક

अम्भोनिधौ क्षुभित भीषणनक्रचक्र,
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रंगत्तरङ्ग शिखरस्थित यानपात्रा,
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥૪૦॥

**ભાવાર્થ :-** હે ભગવન્ ! ભયંકર મગરના સમૂહ પાઠીન અને પીઠ જાતિના મત્સ્યો, અને ભયંકર દેદીપ્યમાન વડવાનળ સળગે છે જેમાં એવા સમુદ્રમાં જેમના વહાણો ઉછળતા તરંગોના મોજાઓનાં અગ્રભાગ ઉપર રહેલા છે એવાં લોકો તમારૂં માત્ર સ્મરણ કરવાથી જ ભયરહિત થઇ નિર્વિઘ્નપણે ઇચ્છિત સ્થાને પહોંચે છે.

તમારૂં સ્મરણ કરે તો નિર્વિઘ્ને પાર પહોંચે છે.





**ऋद्धि :-** "ॐ ह्रीं णमो अमीआसवीणं ।"

**मंत्र :-** "ॐ नमो रावणाय विभीषणाय कुम्भकरणाय लङ्काधिपतये महाबलपराक्रमाय मनश्चिन्तितं कुरु कुरु स्वाहा ।"

Ambhaunidhau kshubhitabhishananakrachakra
pathina pitha bhaya dolbanavadavagnau |
rangattaranga shikharasthita yanapatra
strasam vihaya bhavatahsmaranad vrajanti || 40 ||

O God !

If the ocean contains the dreadful submarine fire and fearful alligators and if huge fishes are moving to and fro, at the critical moment the ship of Thy refuger can cross the ocean without any risk and danger, if he remembers Thee.



**વિધિ** :– ચાલીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર ચાલીશમો પાસે રાખવાથી સમુદ્રનો ભય દૂર થાય છે, સમુદ્રમાં વહાણ ડૂબતાં નથી, પોતાનું શરીર પાણીમાં ડૂબતું નથી અને તરીને પાર ઉતરાય છે.

## ૪૧. સર્વ રોગ-ઉપસર્ગ નાશક

उद्भूत भीषण जलोदर भारभुग्ना:
शोच्यां दशामुपगता श्च्युत जीविताशा: ।
त्वत्पादपंङ्कजरजोऽमृत दिग्ध देहा,
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपा: ॥४१॥

**ભાવાર્થ :-** જેઓ ભયંકર જલોદર રોગ ઉત્પન્ન થવાથી વાંકા વળી ગયેલા, શોક કરવા લાયક-દયા ખાવા જેવી દશાને પામેલા હોય અને જેમણે જીવનની આશા છોડી દીધી હોય એવા મનુષ્યો પણ તમારા ચરણકમળની રજરૂપી અમૃતને પોતાના શરીર પર ચોપડવાથી કામદેવના જેવા સ્વરૂપવાળા થાય છે.





**ऋद्धि :-** "ॐ ह्रीं अर्हं णमो अक्खीणमहाणसाणं ।"

**मंत्र :-** "ॐ नमो भगवति क्षुद्रोपद्रवशान्तिकारिणि रोगकुष्टज्वरोपशमनं कुरु कुरु स्वाहा ।"

Udbhutabhishanajalodara bharabhugnah
shochyam dashamupagatashchyutajivitashah |
tvatpadapankaja rajoamritadigdhadeha,
martya bhavanti makaradhvajatulyarupah || 41 ||

O God !

Even those who are suffering from the disease of dropsy and given up the hope of life, become as beautiful as cupid if they besmear their bodies with the nectar like pollen dust of Thy lotus like feet.



**વિધિ** :– એકતાલીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર એકતાલીશમો પાસે રાખવાથી, તેમજ તેની ત્રિકાળ પૂજા કરવાથી સર્વ રોગો મટે છે તથા ઉપસર્ગો દૂર થાય છે.

## ૪૨. બંધન - જેલ મુક્તિ કારક

आपादकण्ठ मुरु शृंखलवेष्टिताङ्गा,
गाढं बृहन्निगड कोटि निघृष्ट जङ्घा:
त्वन्नाममन्त्रमनिशं मनुजा: स्मरन्त:
सद्य: स्वयं विगतबन्धभया भवन्ति ॥४२॥

**ભાવાર્થ :-** જેમના શરીર પગથી મસ્તક સુધી મોટી સાંકળોથી બાંધેલા હોય અને જેમના સાથળો બેડીના અગ્રભાગથી અત્યંત ઘસાતા હોય એવા મનુષ્યો પણ હે સ્વામી ! નિરંતર તમારા નામરૂપ મંત્રનું સ્મરણ કરવાથી તત્કાળ પોતાની મેળે બંધનથી ભયરહિત થઇ જાય છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो वड्ढमाणाणं।"

**મંત્ર :-** "ॐ नमो ह्रां ह्रीं श्रीं ह्रूं ह्रौं ह्र: ठ: ठ: ज: ज: क्षां क्षीं क्षूं क्षौं क्ष: स्वाहा।"

Apada kanthamurushrinkhala veshtitanga
gadham brihannigada kotinighrishtajanghah |
tvannamamantramanisham manujah smarantah,
sadyah svayam vigata-bandhabhaya bhavanti || 42 ||

O God !

By muttering day and night the sacred syllables of Thy name the prisoners who are fettered from head to toe by the heavy iron chains, overcome fear from the prison in a moment.



**વિધિ :–** બેંતાલીશમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર બેંતાલીશમો પાસે રાખવાથી બંદીખાનામાંથી છૂટકારો થાય. વળી નિબિડ બંધને બાંધેલી લોઢાની સાંકળો તથા બેડીઓ પોતાની મેળે તૂટી પડે. ૨૧ દિવસ સુધી આ અનુષ્ઠાન કરવાથી બંદીખાને પૂરાયેલો જરૂર છૂટ છે.

## ૪૩. શત્રુ જય કારક

मत्तद्विपेन्द्र मृगराज दवानलाहि-
सङ्ग्राम वारिधि महोदर बन्धनोत्थम् ।
तस्याशु नाश मुपयाति भयं भियेव,
यस्तावकं स्तवमिमं मतिमानधीते ।।४३।।

**ભાવાર્થ :-** જે બુદ્ધિમાન મનુષ્ય તમારા આ સ્તોત્રનો નિરંતર પાઠ કરે છે તેને મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર, જલોદર અને બંધન એ આઠથી ઉત્પન્ન થયેલો ભય જાણે પોતે જ ભય પામ્યો હોય તેમ શીઘ્ર નાશ પામે છે.




**ઋદ્ધિ :–** "ॐ ह्रीं अर्हं णमो सिद्धिदायाणं वड्ढमाणाणं ।"

**મંત્ર :–** "ॐ नमो ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः यः क्षः श्रीं ह्रीं फट् स्वाहा ।"

Matta dvipendra mrigaraja davanalahi
sangrama varidhi mahodara bandhanottham |
tasyashu nashamupayati bhayam bhiyeva
yastavakam stavamimam matimanadhite || 43 ||

O God !

The intelligent man who chants this prayer offered to Thee becomes fearless from the risk of wild elephant, lion, forest-fire, snake, battle, ocean, dropsy and prison etc. It seems like the fear itself is fearing or conquered immediately.



**વિધિ** :– તેંતાલીશમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર તેંતાલીશમો પાસે રાખવાથી દુર્દાંત શત્રુ પણ વશ થાય છે, તેમ જ શસ્ત્રનો ઘા લાગતો નથી.

# ૪૪. સર્વ મનોરથ સિદ્ધિ

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां,
भक्त्या मया रुचिरवर्ण विचित्र पुष्पाम् ।
धत्ते जनो य इह कंठगतामजस्त्रं,
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मी: ।।૪૪।।

**ભાવાર્થ :-** હે જિનેશ્વર ! મેં ભક્તિથી કરેલી પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણોથી ગુંથેલી તથા મનોહર અક્ષરોરૂપી વિચિત્ર પુષ્પોવાળી તમારા સ્તોત્રરૂપી માળાને આ જગતમાં જે મનુષ્ય નિરંતર કંઠમાં ધારણ કરે છે તે ચિત્તની ઉન્નતિવાળા પુરૂષને અથવા માનતુંગસૂરિને કોઈને વશ નહિ થયેલી એવી રાજ્ય-સ્વર્ગી અને મોક્ષ સંબંધી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.




**ઋદ્ધિ :-** "ॐ ह्रीं अर्हं णमो सव्वसाहूणं ।"

**મંત્ર :-** "ॐ नमो भगवते महति महावीर वड्ढमाण बुद्धिरिसीणं ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्र: असिआउसा झ्रौं झ्रौं स्वाहा । ॐ नमो बंभचारिणं अट्ठारससहस्ससीलंगरथधारिणं नम: स्वाहा ।"

Stotrastrajam tava jinendra gunairnibaddham,
bhaktya maya ruchira varna vichitra pushpam |
dhatte jano ya iha kanthagatamajasram
tam manatungamavasha samupaiti lakshmi || 44 ||

O Jinendra !

Though my knowledge is too poor and I am butt of ridicule to the wise, yet it is my devotion towards Thee, which encourages me to write these verses. As the garland of multi coloured lovely flowers looks most charming round the neck of a man, similarly I have decorated this necklace of orisons (Prayer) in the shape of beautiful words. Those who study continuously and regularly these holy verses, the Goddess of wealth rewards or resorts to that man of her own accord. If the man turns his attention towards eternal soul he can also get himself acquitled from the bondage of this world and can be equal to Supreme God.



**વિધિ** :– ચુમ્માલીસમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર ચુમ્માલીસમો પાસે રાખવાથી સર્વ મનોરથની સિદ્ધિ પ્રાપ્ત થાય છે તથા જેના નામનું ચિંતન કરવામાં આવે તે વ્યક્તિ વશ થાય છે.

**Bhaktamar Mantra** healing is the megical gateway to cure so - called incurable diseases like cancers, kidney problems, heart and lung diseases, chronic skin problems, mental illness and addictions and much more.

"Explore the flight of your own wings and attain health, wealth and happiness through the power of Bhaktamar Stotra."

**- Dr. Pradeep Jain**

**Bhaktamar stotra** is very powerful stotra, Each of the verse is very important having special effect. Along with spiritual uplift it also help to achieve materil success.

**Importance of each verse of Bhaktamar is as follows-**

1. Removes disturbances and hindrance
2. Eliminates chronic headache
3. Improves vision & cures eye disease
4. Saves from trouble of any depth
5. Cures vision related issues
6. For steadying the mind, for improving prospects for Education
7. For removing snake venom & negativity
8. For removing all troubles in life
9. To be get male progeny
10. To strengthen the bond between employers & employees, and for removing the dog poison.

11. To convert salty water into drinkable water
12. For domestic and family bliss
13. For a safe journey
14. For ridding you a of fear of enemies and eliminating vata diseases.
15. For honour and respect in life
16. For putting out fire / negativity
17. For curing gastrointestinal diseases
18. For removing illusion
19. For acquiring a job, promotion and salary hike
20. For conception and improving fertility
21. For achieving a strong bond between family members.
22. Removes fear caused by ghosts & devils / to win lawsuits.
23. Protects from the evil eye, bad spirits, the effect of black magic, for winning court cases.
24. Heals half headaches, migraines and vertigo.
25. Protects from the evil eye, and attack by enemies.
26. Relieves labour pains while giving birth to baby.
27. Subdues the enemy and defeats him.
28. For fulfilling wishes, curing leprosy.
29. Overcoming any forms of addiction.
30. Success and affluence
31. For curing skin disease
32. For prosperity in trading for removing vastu dosh and activating the third eye.
33. Changes a cruel person into a kind person.

34. To bring under control intoxicated humans of elephant.
35. Remove past karmas.
36. Eliminates the fear of fire
37. for curing snake poison
38. Helps to stop the war
39. For maintaining international peace and harmony
40. For eliminating storms
41. For curing incurable of life threatening diseases.
42. To be free from the birth - death cycle
43. For becoming fearless
44. For wealth, prosperity and liberation



# વૃદ્ધસંપ્રદાય અનુસાર ભક્તામર જપ્ય મંત્રો

વૃદ્ધસંપ્રદાય અનુસાર જે મંત્રો જપવા યોગ્ય છે, તે અહીં આપેલા છે.

## ૧. વિપત્તિ દૂર કરનારો મંત્ર

આ મંત્ર પહેલા અને બીજા પદ્યનો પૂરક મંત્ર છે, એટલે પ્રથમ આ બે પદ્યો સાથે બોલીને તેની માળા ફેરવવી અને પછી આ મંત્રનો ૧૦૮ જપ કરવો.

ॐ नमो वृषभनाथाय, मृत्युञ्जयाय, सर्वजीवशरणाय, परमपुरुषाय, चतुर्वेदाननाय, अष्टादशदोषरहिताय, अजरामराय, सर्वज्ञाय, सर्वदर्शिने, सर्वदेवाय, अष्टमहाप्रातिहार्यचतुस्त्रिंशदतियशसहिताय, श्रीसमवसरणे द्वादशपर्षद्वेष्टिताय, दानसमार्थाय, ग्रह–नाग–भूत–यक्ष राक्षस–शङ्कराय, सर्वशान्तिकराय, मम शिवं कुरु कुरु स्वाहा ।''

ત્રીજા-ચોથા પદ્યનો પણ આજ પૂરક મંત્ર છે, એટલે તે બંને પદ્યો બોલીને તેની માળા ગણવી અને પછી આ મંત્રની માળા ફેરવવી.

શાંતિ-તુષ્ટિ-પુષ્ટિમાં શ્વેત વસ્ત્ર અને સ્ફટિકની માળા ઇષ્ટ છે. આસન પણ શ્વેત જ રાખવું.

## ૨. જય મેળવવાનો મંત્ર

આ મંત્ર સાતમી ગાથાની પૂર્તિ રૂપે અપાયેલો છે, એટલે પ્રથમ સાતમી ગાથાની માળા ગણી તેની માળા ફેરવવી. ખાસ કરીને રાજ્યસભામાં જવાનો પ્રસંગ હોય કે લશ્કર ચડી આવ્યું હોય ત્યારે આ મંત્રનો પાઠ કરવાથી લાભ થાય છે.

ॐ ह्राँ ह्रीँ ह्रूँ ऋषभशान्तिधृत्तिकीर्तिकान्तिबुद्धि लक्ष्मी ह्रीँ अप्रतिचक्रे ! फट् विचक्राय स्वाहा । शान्त्युपशान्तिसर्वकार्यकरी भव देवि ! अपराजिते ॐ ठः ठः ।''

## ૩. સર્વરક્ષાકરી વિદ્યા

આ વિદ્યા આઠમી તથા નવમી ગાથાની પૂર્તિરૂપે અપાયેલી છે,

એટલે પ્રથમ આ બે ગાથાની માળા ફેરવીને પછી આ વિદ્યાનો ૧૦૮ વાર જપ કરવો. તેથી વિકટ પ્રસંગોમાં રક્ષા થાય છે.

ॐ ह्रीँ जृं श्रीचक्रेश्वरी मम रक्षां कुरु कुरु स्वाहा ।''

સામાન્ય રીતે જે પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય તે મંત્ર કહેવાય છે અને સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય, તે વિદ્યા કહેવાય છે. અથવા પાઠસિદ્ધ હોય તે મંત્ર કહેવાય છે અને ક્રિયા (અનુષ્ઠાન) સિદ્ધ હોય તે વિદ્યા કહેવાય છે. આમ છતાં વ્યવહારમાં મંત્ર અને વિદ્યાનો પર્યાય શબ્દ તરીકે પણ પ્રયોગ થાય છે. અહીં વિદ્યા શબ્દનો પ્રયોગ એ રીતે થયેલો જણાય છે.

## ૪. સર્વસિદ્ધિકરમંત્ર

અગિયારમી ગાથાની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણવી. પછી આ મંત્રનો શુદ્ધિપૂર્વક ૩૨ વાર પાઠ કરવો. સાયંકાળે પણ શુદ્ધ થઈને આ મંત્રનો ૩૨ વાર પાઠ કરવો જરૂરી છે.

''ॐ ह्रीँ नमो अरिहंताणं सिद्धाणं सूरीणं उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ।''

## ૫. સારસ્વતવિદ્યા

બારમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી શ્વેત શુદ્ધ રેશમી વસ્ત્રો પહેરીને સ્ફટિકની માળાથી આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો, તેથી સરસ્વતી પ્રસન્ન થાય છે અને વિદ્યાની વૃદ્ધિ થાય છે.

''ॐ ह्रीँ चउद्दसपुव्वीणं ॐ ह्रीँ पयाणुसारीणं ॐ ह्रीँ एगारसंगधारीणं ॐ ह्रीँ उज्जुमइणं ॐ ह्रीँ विउलमईणं – नमः स्वाहा ।''

સામાન્ય રીતે જપ વખતે નમઃ અને હોમ વખતે સ્વાહા આવે છે, પરંતુ કેટલાક મંત્રોમાં આ બંને પદો સાથે પણ બોલવાના હોય છે.

## ૬. રોગાપહારિણીવિદ્યા

તેરમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ

તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો ત્રિસંધ્ય (સવાર, બપોર અને સાંજ) ૧૦૮ વાર પાઠ કરવો.

"ॐ ह्रीँ आमोसहिलद्धीणं ॐ ह्रीँ विप्पोसहिलद्धीणं ॐ ह्रीँ खेलोसहिलद्धीणं ॐ ह्रीँ जल्लोसहिलद्धीणं ॐ ह्रीँ सव्वोसहिलद्धीणं नमः स्वाहा।"

## ૭. વિષાપહારિણીવિદ્યા

ચૌદમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો પાઠ ૧૦૮ વાર કરવો.

"ॐ ह्रीँ आसीविसलद्धीणं ॐ ह्रीँ खीरासवलद्धीणं ॐ ह्रीँ महुयासवलद्धीणं ॐ ह्रीँ अमिआसवलद्धीणं नमः स्वाहा।"

કોઈ પણ મનુષ્યને ઝેર ચઢ્યું હોય તો આ મંત્રથી ૧૦૮ વાર પાણી મંત્રીને પાવાથી તે ઉતરી જાય છે.

## ૮. ત્રિભુવનસ્વામિની વિદ્યા

ચૌદમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા પણ અપાયેલી ગાથા છે, એટલે પ્રથમ ચૌદમી ગાથાની માળા ફેરવ્યા પછી આ વિદ્યાનો પાઠ કરવો. પ્રવાલની માળાથી નિત્ય ૩૦૦૦ જપ કરતાં સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે.

"ॐ ह्रीँ श्रीँ क्लीँ असिआउसा चुलु चुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा।"

## ૯. સ્વપ્ન દ્વારા શુભાશુભ જાણવાનો મંત્ર

પંદરમી ગાથાની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ મંત્રનો જપ કરવો. તેનો વિધિ આ પ્રમાણે જાણવો..

પુષ્યાર્કનો યોગ આવે ત્યારે સંધ્યા સમયે સ્નાન કરીને સુગંધી તેલ-ચંદન, વગેરેથી શરીરે વિલેપન કરી શરીરને પવિત્ર કરવું અને સુગંધી પુષ્પોની માળા ધારણ કરવી. પછી જ્યાં સ્ત્રીનો સંસર્ગ થાય નહિ એવા એકાંત સ્થાનમાં જઈને ગોમય (ગાયનું છાણ)થી લીંપેલી ભૂમિ પર ઉભા રહીને સ્ફટિકની

માળાથી પૂર્વાભિમુખ ૧૦૮ વાર જપ કરવો. તે પછી દક્ષિણ દિશા ભણી ઉભા રહીને એ જ મુજબ ૧૦૮ જપ કરવો. તે પછી પશ્ચિમ અને ઉત્તર દિશા ભણી ઉભા રહીને ૧૦૮-૧૦૮ જાપ કરવા. ત્યાર પછી જેનો ઉત્તર જોઈતો હોય તે પ્રશ્ન મનમાં ચિંતવીને અર્ધી રાત્રિ પછી સંથારે સૂઈ રહેવું, એટલે પાછલી રાત્રિની બે ઘડી બાકી રહે ત્યારે સ્વપ્ન દેખાશે અને તેમાં જે કાર્ય ચિંતવ્યું હોય તેનું શુભાશુભ ફળ દેખાશે. સ્વપ્ન આવ્યા પછી સૂઈ રહેવું નહીં.

''चउवीस तीर्थंकर तणी आण । पञ्चपरमेष्ठि तणी आण । चउवीस तीर्थंकर तणइ तेजि पञ्चपरमेष्ठि तणइ तेजि । ॐ अर्हं उत्पत्तये स्वाहा ।

## ૧૦. બંધમોક્ષિણી વિદ્યા

પંદરમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા પણ અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવી આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો.

''ॐ ह्रीँ जिणाणं ॐ ह्रीँ ओहिजिणाणं ॐ ह्रीँ परमोहिजिणाणं ॐ ह्रीँ अणंतोहिजिणाणं ॐ ह्रीँ सामन्नकेवलीणं ॐ ह्रीँ भवत्थकेवलीणं ॐ ह्रीँ अभवत्थकेवलीणं नमः स्वाहा ।''

આ વિદ્યાનો જપ કરવાથી ભૂત, પ્રેત, ડાકણ, શાકિની વગેરેનો ઉપદ્રવ દૂર થાય છે.

## ૧૧. શ્રીસમ્પાદિની વિદ્યા

સોળમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવી, પછી આ વિદ્યાનો કેરબાની માળાથી ૧૦૮ વાર જાપ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

''ॐ ह्रीँ बीयबुद्धीणं ॐ ह्रीँ कुट्ठबुद्धीणं ''ॐ ह्रीँ सम्भिन्नसोआणं ''ॐ ह्रीँ अक्खीणमहाणसीणं ''ॐ ह्रीँ सव्वलद्धीणं नमः स्वाहा ।''

## ૧૨. પરવિદ્યોચ્છેદિનીવિદ્યા

સત્તરમી ગાથાની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની

માળા ફેરવી આ વિદ્યાનો જપ કરવો.

"ॐ ह्रीँ उग्गतवचरणाणं ॐ ह्रीँ दित्ततवाणं ॐ ह्रीँ तत्ततवाणं ॐ ह्रीँ पडिमापडिवन्नाणं नमः स्वाहा"

આ મંત્ર ભણીને મોરપીંછ વડે ૧૦૮ વાર ઝાડો દેવાથી બીજાએ કરેલા અનિષ્ટ વિદ્યાપ્રયોગની અસર દૂર થાય છે. ભૂતપ્રેતનો દોષ ટળે છે, શીતજ્વર (ટાઢિયો તાવ), ઉષ્ણ જ્વર (બળતરિયો તાવ), વગેરે જ્વરનો નાશ થાય છે. વળી આ મંત્રથી ૧૦૮ વાર પાણી અભિમંત્રિત કરીને છાંટવાથી મરકી વગેરેનો ઉપદ્રવ દૂર થાય છે.

## ૧૩. દોષનિર્નાશિનીવિદ્યા

આ વિદ્યા અઢારમી ગાથાની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો. રવિવારના દિવસે આ મંત્રાક્ષરોને યક્ષકર્દમથી ભોજપત્ર પર લખીને માદળિયામાં નાખી પોતાની પાસે રાખે તો કોઈ કામણ-ટૂમણની અસર થાય નહિ, તેમજ દિવસે દિવસે કીર્તિ અને પ્રભાવમાં વધારો થાય.

"ॐ ह्री ँ जंघाचरणाणं ॐ ह्री ँ विज्जाचरणाणं ॐ ह्री ँ वेउव्वियइड्ढिपत्ताणं ॐ ह्रीँ आगासगामीणं नमः स्वाहा।"

## ૧૪. અશિવોપશમની વિદ્યા

આ વિદ્યા ઓગણીસમી ગાથાની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો. તેથી બધી જાતના ઉપદ્રવોનું નિવારણ થાય છે.

"ॐ ह्रीँ मणपज्जवनाणीणं ॐ ह्रीँ सीयलेसाणं ॐ ह्रीँ तेउलेसाणं ॐ ह्री ँ आसीविसभावणाणं ॐ ह्री ँ दिट्ठीविसभावणाणं ॐ ह्री ँ चारणभावणाणं ॐ ह्रीँ महासुमिणभावणाणं ॐ ह्रीँ तेयग्गिनिसग्गाणं नमः स्वाहा।

## ૧૪. સૂરિમંત્ર

૨૦મી થી ૨૫મી ગાથા સુધીની પૂર્તિ સૂરિમંત્ર વડે થાય છે. કેટલાકના અભિપ્રાયથી આ છ ગાથાની પૂર્તિ ચિંતામણિ મંત્ર વડે થાય છે. તેનો પાઠ આ પ્રમાણે સમજવો.

“ॐ ह्रीँ श्रीँ अर्हं नमिऊण पास विसहर वसह जिणफुलिंग ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

## મહાલક્ષ્મીનો મંત્ર

છવીશમી ગાથાની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ મંત્રનો જપ કરવો.

“ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्म्यै नमः”

જે દિવસે મૃગશીર્ષ નક્ષત્ર અને ગુરુવાર હોય તે દિવસે આ મંત્રનો જપ શરુ કરવો, પરંતુ તે પહેલાં જે ઘર કે જગામાં જપ કરવો હોય તેને ધોળાવીને જપસ્થાનની જમણી બાજુએ લક્ષ્મીદેવીની મૂર્તિ પધરાવવી. પછી તેની સામે બેસી રોજ ૧૦૦૮ મંત્ર જપ કરવો અને તેટલા જ સોનાચંપાનાં ફૂલ ચડાવવાં. આ રીતે એક લાખ જપ કરતાં મહાલક્ષ્મી પ્રસન્ન થઇને સાક્ષાત્ દર્શન આપે છે અને સાધકના સર્વ મનોરથ પૂરા કરે છે.

મહાલક્ષ્મીનો વર્ણ પીળો છે, તેના બે હાથમાં કમળ છે કે જેમાંથી પાણી ટપકી રહ્યું છે, ત્રીજા હાથમાં પાણીનો ભરેલો કળશ છે અને ચોથા હાથમાં અંકુશ છે. વળી બંને બાજુ હાથી સૂંઢમાં ચામર લઇને ઢાળી રહેલ છે. જાણકાર પાસે આ મૂર્તિ બનાવવી જોઇએ, અથવા આવા પ્રકારની મૂર્તિ મળે તે જ ગ્રહણ કરવી જોઇએ.

## ૧૭. ક્ષુદ્રોપદ્રવનાશક મંત્રો

સત્તાવીશમી ગાથાની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ મંત્રનો ૨૧ વાર જાપ કરવો, તેથી ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થાય છે. તથા મનોવાંછિતની પ્રાપ્તિ થાય છે.

“ॐ नमो ऋषभाय मृत्युञ्जयाय सर्वजीवशरणाय परम–ब्रह्मणेऽष्ट–महाप्रातिहार्यसहिताय नागभूतयक्षवशंकराय सर्वशान्तिकराय मम शिवं कुरु कुरु स्वाहा ।”

## ૧૮. સર્વસિદ્ધિકરવિદ્યા

આ વિદ્યા એકત્રીશમી ગાથાની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો ૧૦૮ વાર જપ કરવો. તેથી વાદમાં, વ્યાખ્યાનમાં, અન્ય કાર્યમાં સર્વસિદ્ધિ થાય છે તથા સંગ્રામમાં જય મળે છે. વિશેષમાં સર્પ અને ચોરનો ભય પણ દૂર થાય છે.

“अरिहंतसिद्धआयरियउवज्झायसव्वसाहुसव्वधम्मतित्थयराणं ॐ नमो भगवईए सुयदेवयाए संतिदेवयाणं सव्वपवयणदेवयाणं दसण्हं, दिसापालाणं पंचण्हं लोगपालाणं ॐ ह्रीँ अरिहंतदेव नमः ।”

## ૧૯. શ્રી કલીકુંડસ્વામીનો મંત્ર

આ મંત્ર તેત્રીશમા ગાથાની પૂર્તિરૂપે અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણવી અને પછી આ મંત્રનો જપ કરવો. ૧૨ હજાર શ્વેત કે રક્ત પુષ્પથી જપ કરતાં સર્વ ઋદ્ધિ–સિદ્ધિ મળે છે.

“ॐ ह्री ँ श्री ँ कलिकुण्डदण्डस्वामिन् ! आगच्छ आगच्छ आत्ममन्त्रान् रक्ष रक्ष परमन्त्रान् छिन्द छिन्द मम सर्वसमीहितं कुरु कुरु हुं फट् स्वाहा ।’

આ મંત્રનો વિશેષ વિધિ એવો છે કે પોષ વદિ ૧૦ – ગુજરાતી માગશર વદિ ૧૦ના દિવસે રવિવાર હોય ત્યારે પ્રારંભ કરવો. આ મંત્રનો જપ કરતી વખતે શ્રી પાર્શ્વનાથ ભગવાનની તથા શ્રી ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ થાય છે કે સ્વપ્નમાં વરદાન આપે છે.

## વિશેષ

૩૪મા પદ્યનું સ્મરણ કરતાં હાથીનો ભય દૂર થાય છે.

૩૫મા પદ્યનું સ્મરણ કરતાં સિંહનો ભય દૂર થાય છે.

૩૬મા પદ્યનું સ્મરણ કરતાં દાવાનલ શમી જાય છે.(અગ્નિભય દૂર થાય છે.)

૩૭મા પદ્યનું સ્મરણ કરતાં સર્પનો ભય દૂર થાય છે.

૩૮ તથા ૩૯મા પદ્યનું સ્મરણ કરતાં રણભય દૂર થાય છે. (ભયંકર યુદ્ધમાં પણ વિજય મળે છે.)

૪૦ મા પદ્યનું સ્મરણ કરતાં સમુદ્રનું તોફાન શમે છે. (જલભય દૂર થાય છે.)

૪૧મા પદ્યનું સ્મરણ કરતાં બધાં બંધનો છૂટી જાય છે તથા બંદીખાન (જેલ)માંથી છૂટકારો થાય છે.

આ રીતે ૩૪માંથી ૪૨મા પદ્યનું સ્મરણ જ કાર્ય સિદ્ધિ કરનારું હોઈ અહીં તેની પૂર્તિરૂપે કોઈમંત્ર આપેલ નથી.

## (૭) ઋદ્ધિ-મંત્ર-યંત્ર

ભક્તામરસ્તોત્રની આરાધના અંગે છેલ્લાં ત્રણસો ચારસો-વર્ષથી ઋદ્ધિ-મંત્ર-યંત્રની પરંપરા પ્રવર્તે છે. તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

પ્રથમ પ્રભાવસૂચક ગાથાનો ત્રણ, પાંચ કે સાત વાર પાઠ કરવો અને પછી ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવો, એ ક્રમ સુવિહિત છે. જ્યાં ઋદ્ધિ અને મંત્રજપની સંખ્યાનો વિશિષ્ટ નિર્દેશ ન હોય, ત્યાં તેની સંખ્યા ૧૦૮ સમજવી.

ઋદ્ધિ એટલે ૐ હ્રીં અર્હં ના પાઠ પૂર્વક વિશિષ્ટ લબ્ધિવાળાને પ્રણામરૂપ મંત્ર-મંગલ અર્થે તેનો જપ પ્રથમ કરવામાં આવે છે.

મંત્ર એટલે મનન કરવા યોગ્ય જપવા યોગ્ય વિશિષ્ટ શબ્દ રચના કે જે મંત્ર વિશારદો દ્વારા યોજાયેલી હોય છે અને જે સિદ્ધ થતાં અનેરો ચમત્કાર બતાવે છે.

યંત્ર એટલે મંત્ર દેવતાની પ્રતિષ્ઠા કરનારી આકૃતિ વિશેષ.